ૐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મુલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૧૯ ૧ ઑગસ્ટ ૨૦૧૬ પાના-૧૨ લવાજમ વાર્ષિક-રૂ.૧૦૦/-

## રાજવાણી

નીચેનો અભ્યાસ તો રાખ્યા જ રહો:-

૧. ગમે તે પ્રકારે પણ ઉદય આવેલા અને ઉદય આવવાના કષાયોને શમાવો. ૨. સર્વ પ્રકારની અભિલાષાની નિવૃત્તિ કર્યા રહો. ૩. આટલા કાળ સુધી જે કર્યું તે બધાંથી નિવૃત્ત થાઓ, એ કરતાં હવે અટકો. ૪. તમે પરિપૂર્ણ સુખી છો એમ માનો; અને બાકીના પ્રાણીઓની અનુકંપા કર્યા કરો. ૫. કોઈ એક સત્પુરુષ શોધો, અને તેનાં ગમે તેવાં વચનમાં પણ શ્રધ્ધા રાખો.

એ પાંચે અભ્યાસ અવશ્ય યોગ્યતાને આપે છે; પાંચમામાં વળી ચારે સમાવેશ પામે છે, એમ અવશ્ય માનો. અધિક શું કહું ? ગમે તે કાળે પણ એ પાંચમું પ્રાપ્ત થયા વિના આ પર્યટનનો કિનારો આવવાનો નથી. બાકીનાં ચાર એ પાંચમું મેળવવાના સહાયક છે. પાંચમાના અભ્યાસ સિવાયનો તેની પ્રાપ્તિ સિવાયનો બીજો કોઈ નિર્વાણ માર્ગ મને સૂઝતો નથી; અને બધાય મહાત્માઓને પણ એમ જ સૂઝ્યું હશે. (સૂઝ્યું છે).

હવે જેમ તમને યોગ્ય લાગે તેમ કરો. એ બધાની તમારી ઈચ્છા છે, તોપણ અધિક ઈચ્છો; ઉતાવળ ન કરો. જેટલી ઉતાવળ તેટલી કચાશ અને કચાશ તેટલી ખટાશ આ અપેક્ષિત કથનનું સ્મરણ કરો. (પત્રાંક ૧૪૩).

જે ઈશ્વરેચ્છા હશે તે થશે માત્ર મનુષ્યને પ્રયત્ન કરવાનું સરજેલું છે, અને તેથી જ પોતાના પ્રારબ્ધમાં હોય તે મળી રહેશે માટે મનમાં સંકલ્પ વિકલ્પ કરવા નહીં. (પત્રાંક ૪૧૬)

જ્યાં ઉપાય નહી ત્યાં ખેદ કરવો યોગ્ય નથી. ઈશ્વરેચ્છા પ્રમાણે જે થાય તેમાં સમતા ઘટે છે; અને તેના ઉપાયનો કંઈ વિચાર સૂઝે તે કર્યા રહેવું એટલો માત્ર આપણો ઉપાય છે. (પત્રાંક ૪૪૭)

ઉદય આવેલા કર્મોને ભોગવતાં નવા કર્મ ન બંધાય તે માટે આત્માને સચેત રાખવો એ સત્પુરુષોનો મહાન બોધ છે. (પત્રાંક ૫૧)

કામ, માન અને ઉતાવળ એ ત્રણનો વિશેષ સંયમ કરવો ઘટે છે.

આત્મ પરિણામની વિશેષ સ્થિરતા થવાં વાણી અને કાયાનો સંયમ સઉપયોગપણે કરવો ઘટે છે.

સાચો માર્ગ એક જ છે. માટે આગ્રહ રાખવો નહીં. હું ઢુંઢિયો છું, હું તપ્પો છું, એવી કલ્પના રાખવી નહીં. દયા, સત્ય આદિ સદાચરણ મુક્તિના રસ્તા છે. માટે સદાચરણ સેવવાં.

**- શ્રીમદ્ રાજચંદ્ર.(ઘંટિયા પહાડ દિવાલ પરના સૂત્રો)**

## વિવેક વૈરાગ્ય નિરૂપણ : સ્વામી રામદાસ

જે વિચાર વિના વૈરાગ્ય ધારણ કરવા અવિવેકને લીધે અનર્થમાં પડે છે તે વ્યવહાર તથા પરમાર્થ બંને તરફથી ભ્રષ્ટ થાય છે, સર્વ જીવન વ્યર્થ જાય છે. વિવેક વિનાના વૈરાગ્ય વિના આવા અનર્થ થાય છે. વૈરાગ્ય વિના જ્ઞાનની વાતો કરવી એ માત્ર વૃથાભિમાન જ છે. આવા માણસને મોહ અને દંભને લીધે કષ્ટ સહન કરવું પડે છે, સ્વાર્થને માટે તે જીવ પટકે છે. અભિમાનને લીધે તે અન્યની મહતા જોઈ શકતો નથી. આ પ્રમાણે વિવેક વિનાના વૈરાગ્યથી ઉલટો શોક જ વધે છે. હવે જેનામાં વિવેક અને વૈરાગ્ય હોય તેના લક્ષણો સાંભળો.

આવો માણસ વિવેકના યોગથી અંતઃકરણમાં વિરકત થાય છે. અને વૈરાગ્યને લીધે તે વ્યવહારથી અલગ થાય છે. આ પ્રમાણે તે અંતરબાહ્ય ઉપાધિથી મુક્ત બનીને નિસંગ યોગી થઈ શકે છે. તે મુખથી જ્ઞાનની વાતો કરે છે અને તે પ્રમાણે કાર્ય પણ કરે છે. તેનો ઉપદેશ સાંભળીને મોટા મોટા પવિત્ર પુરુષો પણ ચકિત થઈ જાય છે. તે ત્રૈલોક્યના રાજ્યની પણ સ્પૃહા રાખતો નથી. તેનામાં પૂરેપુરો વૈરાગ્ય વ્યાપી રહેલો હોય છે અને તેનામાં વિવેક તથા ધારણાની શક્તિની તો સીમા જ રહેતી નથી. તે હૃદયપૂર્વક સુંદર અને સરસ હરિકીર્તન કરે છે. અને પ્રેમપૂર્વક તાલસૂર સહિત ભક્તિપૂર્ણ ભજન ગાય છે. તેના અંતઃકરણમાં એટલો વિવેક જાગૃત હોય છે કે તે તત્કાળ સન્માર્ગનું અવલંબન કરે છે અને તેના સંભાષણમાં અનુભવની વાતો ખૂટતી નથી.

જે સન્માર્ગે જગતમાં ભળે છે, તેના પર જગદીશ પણ પ્રસન્ન થાય છે. પ્રસંગ ઓળખીને ચાલવું જોઈએ. પ્રખર વૈરાગ્ય, નિરંતર ઉદાસીનતા, અનુભવયુક્ત બ્રહ્મજ્ઞાન, સ્નાનસંધ્યા, ભગવદ્ ભજન અને પૂણ્ય માર્ગનું આચરણ હોવું એ સવિવેકયુક્ત વૈરાગ્યનું લક્ષણ છે. તે વિનાનો વૈરાગ્ય એ મયૂરના પીંછા પ્રમાણે કેવળ અંધતાયુક્ત છે, માટે વિવેક અને વૈરાગ્ય એ ઉતમ હોવા એ મહદ ભાગ્ય જાણવું. રામદાસ કહે છે યોગ્ય સાધુ જ આ વાત જાણે છે. (પા.૪૨૬/૪૨૭) જો પુસ્તકના જ્ઞાનથી જ યથાર્થ નિશ્ચય ધારણ થતો હોય તો પછી ગુરુની શી આવશ્યકતા? માટે જાત અનુભવથી જ વિવરણ કરવું જોઈએ. જે અનેકોના બોલવા પ્રમાણે ચાલે છે તેને ખરેખર ડૂબ્યો જ સમજવો. (પા.૪૩૧)

**- શ્રી દાસબોધ સંવત ૧૯૯૮ આવૃતિ ત્રીજીમાંથી સાભાર,**
**અનુવાદક- સ્વ. રત્નસિંહ દિપસિંહ પરમાર.**

## તંત્રી સ્થાનેથી :

## શું આપણે સ્વતંત્રતાને લાયક છીએ ?

૭૦મો સ્વતંત્રતા દિવસ મનાવવા જઈ રહ્યા છીએ ત્યારે થોડું ચિંતન મનન જરૂરી છે.

અહિંસાનો એક અદભૂત પ્રયોગ દુનિયાએ જોયો, એવાજ બીજા અહિંસાના પ્રયોગો ગાંધીજી પછી દુનિયામાં થતા રહ્યા છે અને આજે પણ એવા પ્રયોગો ચાલુ છે. આ એક જ એવો માર્ગ છે જેમાં વિશ્વને સાચી શાંતિનો માર્ગ દેખાય છે. એવી શક્યતાઓ ભારતની ભૂમિમાં પડી છે અને આશાભરી દ્રષ્ટિએ ભારત તરફ સહુની દ્રષ્ટિ છે.

સ્વતંત્રતા આપણને મળી છે પણ તે સાથે કર્તવ્ય અને ફરજ પણ હોય છે. હક અને ફરજ એક જ સિક્કાની બે બાજુઓ છે. ફરજ બજાવીએ તો હક આપોઆપ મળી જાય છે. પણ આપણે હક સ્વતંત્રતાનો ભોગવવા માંગીએ છીએ પણ ફરજ પ્રત્યે ભયંકર દુર્લક્ષ સેવીએ છીએ એટલે જ અનેક પ્રશ્નોથી આપણે ઘેરાઈ ગયા છીએ.

મારી, તમારી અને આપણા સૌની શાંતિ, સલામતી અને નિરાંતની ઊંઘ માટે સીમા પર જીવ આપી દેનારાઓ પ્રત્યે આપણે શું કરીએ છીએ? દેશ, રાજ્ય, સમાજ અને વ્યક્તિ તરીકેની ફરજ બજાવીએ છીએ? આપણી પ્રાથમિકતામાં આ શહીદ રક્ષકો અને એમના પરિવારજનો છે ક્યાંય? ખેદ સાથે જવાબ નકારમાં આપવો પડે છે.

સીમા પર જાન દેતા શહીદોના મૃત્યુ માટે આપણે પણ જવાબદાર છીએ. એ બંદુકની ટ્રીગર પર ક્યાંક આપણી પણ આંગળી છે એ દેખાય છે ?

ચીન અવારનવાર સીમા પર છમકલા કરે છે, પાકિસ્તાન ભારતમાં આતંકવાદ ફેલાવી રહેલ છે અને આડકતરી રીતે એમાં ચીન અને અમેરિકાનો હાથ છે. અમેરિકાની અબજો રૂપિયાની સહાય પાકિસ્તાનને મળે છે જેનો ઉપયોગ આતંકવાદનો ખાત્મો કરવાને બદલે ભારતમાં-વિશ્વમાં આતંકવાદ ફેલાવવા માટે કરે છે. આ હકીકત છે. આ બધી ચાલ છે શસ્ત્રના સોદાગરોની, આવી પરિસ્થિતિ હોય તો જ તેમના શસ્ત્રો વેચાયને! દર મિનીટે શસ્ત્રો પાછળ ૧૨૫ કરોડ રૂપિયાનો દુનિયામાં ખર્ચ થાય છે. ફરી સ્વતંત્રતા નહી એક નવી ગુલામીની ઝંઝીરો તૈયાર થઈ રહી છે.

ભારત એક વિશાળ બજાર બની ગયું છે. એટલે બધા દોડીને અહિં આવી રહ્યા છે એમને રસ છે પોતાનો માલ વેચવાનો. આ આપણી શક્તિ છે અને નબળાઈ પણ છે. પણ આપણે આપણી આ શક્તિનો ઉપયોગ કરીને ચીન અમેરિકાની કંપનીઓ મેકડોનાલ્ડ, ડોમીનો, વોલમાર્ટ, કારો અનેક વસ્તુઓનો બહિષ્કાર કરીએ તો જ ચીન અમેરિકાની આંખ ઉઘડશે. એ શક્તિ આપણી પાસે છે.

ફરી મહાત્મા ગાંધીના અસહકાર શસ્ત્રનો ઉપયોગ કરી અહિંસાના મારગે આગળ વધીએ અને સ્વચ્છતા જે આપણી મુખ્ય ફરજ છે જે ફરજ બજાવ્યા વગર છુટકો જ નથી એ સહકાર સહયોગના મારગે આગળ વધીએ અને એમ આપણી એકતા સાબિત કરવાની આજની તાતી જરૂર છે. મેરેથોન દોડો, મીણબતીઓ પ્રગટાવીને માત્ર ઉપરછલ્લી શ્રધ્ધાંજલીઓથી પ્રશ્નોનો નીવડો નહિ આવે. આપણી જાગૃતિ જરૂરી છે. તો જ સ્વતંત્રતા દિવસની ઉજવણી સાર્થક છે.

## સત્સંકલ્પ-સત્કર્મ-સત્સંગથી સદગુરૂ મળે.

તમે કહ્યું કે એક ગુરુ, એક નિષ્ઠા, એક પગે ઉભા રહેવું, શિષ્ય કાણો હોય, એક જ દ્રષ્ટિ, એક નિષ્ઠા, એક દર્શન, એક ભરોસો, એક બલ, એક આસ વિશ્વાસ, એ અર્થમાં પૂછર્યું છે કે સંતો તો બહુ છે, આમાં સંતો બધા મુરતિયા છે, કોઈ જ્ઞાનનો શણગાર સજી, કોઈ અનુભૂતિઓનાં ઘરેણાં પહેરી, આંખમાં ભાવના, રાધા પ્રેમના આંસુડાં આંજી, સજી ધજી આ જગતના સ્વયંવરમાં સાધુડા આવ્યા છે, એમાં બધાએ માળા લઈને ફરવાનું, પણ જેને તમે પસંદ કરો, એ તમારો ગુરુ, એને માળા પહેરાવી દો. આ તો સ્વયંવર છે બાપ! રાજા, મહારાજાઓના સ્વયંવરો બંધ થઈ ગયા, પણ સાધુડાના સ્વયંવરો ચાલુ છે.

માણસે એવો રસ્તો પકડવો જોઈએ કે જેમાં એકનું એક ન હોય, કદી ઓટ ન આવે, दिने दिने नवम नवम, नमामि नन्दनन्दनं। પ્રતિ ક્ષણે વૃદ્ધિ, નવ અનુરાગ, પ્રતિ ક્ષણે વર્ધમાન-નારદની જે વાત છે, એ ક્યારેય એક ન હોય. બધા સાધુસંતો મહાન છે. આ જગત મારા સાધુઓનો સ્વયંવર છે. એના શણગાર, કોઈના વૈરાગ્ય, કોઈનું શીલ, કોઈનો સંતોષ આ બધા એના ઘરેણાં છે, એમાં મારે ને તમારે નીકળવાનું છે. માળા લઈને અને એમાં ;

जिन्ह देखे नयणां ठरे, इ सो लाखणमां एक। જેને જોતાં નયનો ઠરી જાય, આત્મામાં સુરુચિતા, પ્રસન્નતા આવે, પવિત્રતાનો અનુભવ થાય, પ્રેમનો ભાવ જાગે, જેનાં અણુ, પરમાણુ તમારા હૃદયની પાંખડીઓને ખીલવવા માંડે અને એ વખતે તમે જે પસંદ કરો, આત્મબોધ દ્વારા જે પસંદ કરો એ ગુરુ. પછી એક નિષ્ઠા, એક દર્શન, એક આશ્રય એ બધું, બાકી તો પહેલાં માળા લઈને ફરવું પડે. સદ્‌ગુરુ પ્રાપ્ત કરવો હોય તો સૂત્રાત્મક રીતે પહેલાં ત્રણ વસ્તુ કરો.

સત્સંકલ્પ: મારે એવા કોઈ તત્ત્વનો આશ્રય કરવો છે, જે પોતે અજવાળામાં હોય અને મને પણ અજવાળામાં રાખે. એ પોતે પવિત્ર હોય, અને મને ક્યારેય અપવિત્ર થવા ન દે. જે રોજ રાતે આખી દુનિયા સૂઈ જાય ત્યારે બે જ વસ્તુ કરતો હોય એવાનો મારે આશ્રય કરવો છે, એ બે વસ્તુ સાચો સદ્‌ગુરુ કંઈ કરતો હોય? ઈશનું ચિંતન; જેના પર ગુરુનો હાથ એ શિષ્યની ચિંતા, શિષ્યની ચિંતા: જેનો એના પર હાથ એનું ચિંતન. આ બે સદ્‌ગુરુ કરે, અમારે રામાયણમાં પ્રમાણ છે, પછી ફાટ્યા ફરીએ,

हरइ सिष्य धन सोक न हरई । सो गुरु घोर नरक महुँ परई।।

બેપર્દા વાત: જે ગુરુ શિષ્યના પૈસા હરે, એની ચિંતા ને શોક ન હરે, એવા ગુરુને ઘોર નરકમાં પડવું પડે. આ સ્પષ્ટ, બેપર્દા, બેનકાબ વાત છે. શિષ્યની ચિંતા અને ઈશનું ભજન, આ બંનેની વચ્ચે ઊભેલું પરમ તત્ત્વ એને આ દેશ ગુરુ કહે છે. આવા દેશને ગુરુ કહે છે, જેની સાથે આ બે વસ્તુ જોડાયેલી છે. સ્વયંવરમાં જવાનો કોઈ સંકલ્પ ઊઠવો જોઈએ. હું પણ જાઉં, હું પણ કોઈનું વરણ કરું, શુદ્ધ સંકલ્પ ઊઠે, એ બહુ જ જરૂરી છે. વિકલ્પ વગરનો સંકલ્પ હોય. પણ કેવળ સત્સંકલ્પ કામ નહિ કરે, એની સાથેનું બીજું સૂત્ર છે : સત્કર્મ, સંકલ્પ ક્રિયાન્વિત થાય, પણ સારી વસ્તુ ખોટે રસ્તે નહિ મળે. સાચી વસ્તુ સાચે રસ્તે જ મળે, ખોટે રસ્તે ન મળે. એટલે પહેલું સૂત્ર છે સત્સંકલ્પ, બીજું સત્કર્મ. ત્રીજું સૂત્ર છે સત્સંગ. આ ત્રણ જે કરશે, એને મારી વ્યાસગાદીને લાગે છે કે બાપ એને સદ્‌ગુરુ મળી જશે. **મોરારીબાપુ.**

## ''પ્રેમનો પીયાલો તમને પાઉને પીઉ'' ભા.ઉજો

ટ્રેન અકસ્માત પછી એક આશ્ચર્યકારક અનુભવ થયો એકાદ મહિના મુંબઈ હોસ્પિટલ અને ત્રણેક મહિના ઘરે આરામ કરવો પડેલ. એ દરમિયાન નોકરી અને ઘઉંનો ધંધો મલાડમાં ચાલુ હતો. એક્સપોર્ટ કંપનીનો વહીવટ ઘરે રહીને પણ સરસ ગોઠવતો રહેલો. વધારે હાલ ચાલ થઈ શકે તેમ નહોતી તેથી ઘઉનો ધંધો બીજા સંભાળતા હતા. તેમણે ગોલમાલ કરી પૈસા ગયા અને ઘઉંનો ધંધો બંધ થયો.

તબિયત સારી થઈ પછી ફરી નોકરીએ લાગ્યો. ઘેટા-બકરા-મચ્છી શાકભાજી વિ. એક્સપોર્ટનો ધંધો મોટે પાયે ચાલતો હતો. પેમેન્ટ ડ્રાફ્ટથી બેંક મારફત અને કેટલીક રકમ હવાલા મારફત આવતી હતી. આ કાયદા વિરુધ્ધ હતું અહિં એન્ફોર્સમેન્ટની રેડ પડી. શેઠ હાજર નહોતા અમે હાજર હતા. કેટલાક કાગળીયા પકડાયા ડિપાર્ટમેન્ટે અમારી પુછ પરછ કરી બીજે દિવસે પાછો બોલાવેલ અમારી પાસે હંમેશા સાઈન કરેલા ચેક રહેતા હતા બેંકમાં દસેક લાખની બેંલેન્શ હતી. એટલે બીજા દિવસે બેંકમાંથી રકમ કાઢી લેવા ગયો પણ બેંક પાસે એટલી મોટી રોકડ નહોતી તેથી એક દિવસે ૫ લાખ અને બીજે દિવસે ૨.૫૦ લાખ આપ્યા. તે છતા ૧.૭૫ લાખ જેટલી બેંકમાં પુરાંત રહી ગઈ હતી. ત્રીજે દિવસે ઓફિસરે બીજે દિવસે ગેરહાજર રહેલ તેથી એક થપ્પડ મારી અમારા માલિક પણ બીજે દિવસે આવી ગયેલા. બીજે દિવસે અમે ગેરહાજર રહ્યા એટલે શેઠ સાથે અમારી પણ ધરપકડ થઈ કોર્ટમાં ચૌદ દિવસની ન્યાયાધિશ હીરાસત ની જેલ પડી, એટલે ડિપાર્ટમેન્ટલ કોઈ મારકીટ કે એવું કશું કોઈને થયું નહોતું. ઘરેથી ખાવા પીવાનું લાવવાની છૂટ હતી. અમારી સાથે એક પારસીબાબા પણ હતા ચૌદ દિવસ પછી બધાને ૫૦ હજારના જામીન પર છોડવામાં આવેલ.

અમારા અકસ્માત પહેલાથી પિતાશ્રીની તબિયત નરમગરમ રહેતી હતી. એકવાર હરકીસન હોસ્પિટલમાં દાખલ કરેલ. ઓપરેશનનું નક્કી થયેલ. પણ છેલ્લી ઘડીએ કોઈક કારણસર ડોક્ટરોએ મુલતવી રાખેલ. ત્યારપછી પિતાશ્રી ઘરે જ રહેતા. સવારે ઊઠીને સરસ બહાર ઓટે બેઠા ચૌદ સ્વપ્ના અને બીજા જૈન સ્રોત બોલતા રહેતા. થોડી માનસિક સ્મૃતિ ઓછી થયેલ અમારા અકસ્માતના સમાચાર પણ એમને નહોતા આપ્યા. પણ ઘરમાં કંઈક થયું છે તે સહેજ ખ્યાલ આવી ગયેલ.

અમને જેલ થઈ છે તેની ખબર પણ તેમને નહોતી, તબિયત નરમ ગરમ રહેતી હતી. અને એમ જેલમાં હતા ત્યારે જ તેમનું અવસાન થયેલ. વીસ હજારની લાંચ આપીએ તો પોલીસ ઘરે લઈ જવા તૈયાર હતી પણ એવી કશી સગવડ હતી નહિ તેથી અમારી ગેરહાજરીમાં જ અગ્નિદાહનું કાર્ય પતાવી દીધેલ. પણ એમના અવસાનને હિસાબે વકિલે અરજી કરીને અમને સાતમે દિવસે છોડાવી દીધેલા. દરેક કુંટુબીજનોના મૃત્યુ અમને અંગતરીતે કોઈને કોઈ રીતે ઉપકારી થયા છે.

આ કેસમાં બેંકનું ખાતુ શીલ થઈ ગયેલ. કોર્ટમાં જામીનની પંચાસ હજાર રકમ રોકડાથી ભરીને છુટા થયેલ. પાંચેક વરસ કોર્ટમાં કેસ ચાલ્યો તારીખો પડતી રહી. ડિપાર્ટમેન્ટે કોર્ટમાં ચાર્જસીટ દાખલ ન કરી શક્યા. છેવટે કોર્ટે કેસ ડીસમીસ કરી કાઢી નાખ્યો ડિપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ચાલેલ. અમને નિર્દોષ છોડવામાં આવેલ અને શેઠને બેંકમાં જે રકમ હતી તેટલો લગભગ ૧.૭૫ લાખનો દંડ થયેલ.

આ કેસ દરમ્યાન પરદેશ જવાની રજા માટે કોર્ટમાં અરજી કરેલ. તે મળી પાસપોર્ટ પાછો મળ્યો. મલાકા જવાનું વિચારેલ પણ તે શક્ય ન થયું પણ વીઝીટર્સ વીઝા પર ૧૪ દિવસ દુબઈ જઈ આવેલ રહેવા જમવાની વ્યવસ્થા અમારા દુબઈના ગ્રાહકને ત્યાં જ હતી. એ સમયે ૫૦૦૦રૂા.નું હુંડિયામણ મળતું હતું તે લઈને ગયેલ ખર્ચ તો કંઈ થયેલ નહી. થોડી વસ્તુઓ લાવેલ તેની ડયુટી ભરી દીધેલ બાકી રકમ વધેલ તે દરહામમાં હતી તે બેંક મારફતે એરપોર્ટ પર જ રૂપિયામાં વટાવી લીધેલ. રસીદો અમારી પાસે હતી. ઉપરનો કેસ જે ઓફિસર પાસે ચાલતો હતો તેણે મારી પાસે ૩૦૦૦રૂા.ની લાંચ માંગી, અમે કંઈ આપેલ નહી. તેથી ખોટો કેસ એકસચેંજ ભંગનો કરેલ. પણ પહેલી અપીલમાંજ બધી રસીદો હતી તેથી નીકળી ગયો.

આ કેસ પછી કંપની બંધ થઈ ગયેલ.

એકવાર નક્કી કરેલ કે રૂા.૫૦ હજાર આવે તો એ રકમ ઘરે દઈને બધું છોડી દેવું. ઉપરની જામીન ભરેલ રકમ રૂા.૫૦ હજાર હાથમાં આવ્યા. પણ બુધ્ધિએ અવળું સુઝાડ્યું. આટલી રકમના વ્યાજમાંથી કંઈ ઘર મુંબઈમાં ન ચાલે તેથી સ્ટીલના સ્ક્રેપનો વેપાર કર્યો. એમાં પણ પુરેપુરી રકમ સલવાઈ ગઈ. અંતર અવાજથી વિરુધ્ધ ચાલીએ ત્યારે આવું જ થાય ને!

આ પછી ઘરનો ધંધો એકસપોર્ટનો ચાલુ કર્યો એક મોટો ઓર્ડર તરબુચનો મળ્યો હતો. સીપમેન્ટ તૈયાર હતું. ત્યાં જ ગોડાઉનમાં આગ લાગી. કેટલાક કાર્ટુન બળી ગયા દુબઈના ગ્રાહકે ૫૦ હજાર કાપીને પેમેન્ટ આપ્યું.

પેલી સદ્‌ગુરુની શોધની જિજ્ઞાસા તો એમજ તીવ્રતાથી વધતી જતી હતી. ક્યાંય ચેન નહોતું છતાં જલ્દી કંઈક કમાવાના ખેલ તો કરતા જ રહેલા, એમ જ એક બીજા ભાગીદાર સાથે એક્સપોર્ટનો ધંધો ચાલુ કરેલ. લંડન કેરી એક્સપોર્ટનો ઓર્ડર મળવાની તૈયારી થઈ ગયેલ. બેંક ખાતું ખોલાવી દીધેલ. બે ત્રણ વાર D/D માટે બેંકમાં પેમેન્ટ આવી ગયું છે કે નહી તપાસ પણ કરી. પણ પેમેન્ટ નહોંતુ આવ્યું.

અમે તો સીપમેન્ટની તૈયારી માટે સીપીંગ બીલ પાસ કરાવી લીધેલ. રીવાજ એવો હતો કે ઈન્વોઇસ બ્લેન્ક સહી કરીને આપીએ એટલે એજન્ટ શીપીંગ બીલ પાસ કરાવી લે અમને તો હતું કે આજકાલમાં D/D આવી જશે. પણ કોઈએ દગો કર્યો અને મેંગો ને બદલે મીરચી પાવડરનું શીપીંગ બનાવીને મીરચીને બદલે ડ્રગનું શીપમેન્ટ લંડન કરી દીધું. લંડનમાં પકડાઈ ગયું, જેમણે આ કરેલ તેઓ તો તરત ગાયબ થઈ ગયા. ઈન્કવાયરી એડ્રેસ પર થઈ અમે જે હતી તે હકીકત કહી. દગો કરનારે અમને ઉપાડી જવાની પણ તૈયારી કરેલ રાતે ઘરે આવેલ પણ અમે દરવાજો ઉઘાડ્યો જ નહોતો. કેસ એવો ગંભીર હતો કે મીસા કે ટાડા લાગી શકે પણ કશું થયું નહી. આમાં પણ ડિપાર્ટમેન્ટલ કેસ ચાલ્યો હતો. અમે તપાસમાં પહેલેથી છેલ્લે સુધી સહકાર આપેલ હતો સરકારને, છતાં રૂા.૫૦૦૦/- નો દંડ થયેલ.

દંડ ભરીને જ અપીલમાં જઈ શકાય, રકમ તો અમારી પાસે હતી નહી . બેંકમાં સોનુ મુકીને લોન લીધેલ તે ભરાયેલ નહી તેની નોટિસ આવેલ હતી. ત્રણેક વરસનું રૂમનું ભાડું નહોતું ભરાયેલ તેની

વકીલની નોટિસ આવેલ હતી. અમારી ઓફિસની બાજુમાંજ એક રીટાયર્ડ ઓફિસર હતા એમને મારા પ્રત્યે વાતો સાંભળ્યા પછી કંઈક હમદર્દી થયેલ. એમણે અમારાવતી ડિપાર્ટમેન્ટમાં દંડ બાબત અપીલ કરી. ઉપરની હકીકત જોઈને રૂા.૫૦૦/- ભરીને અપીલ દાખલ થઈ.

આ નિવૃત ઓફિસરે જ સરસ ડ્રાફ્ટ લખાવ્યો અને અમે એક મિત્રનું ટાઈપરાઈટર લઈને ૨૫/૩૦ પાનાની એ ડ્રાફ્ટ હાથે ટાઈપ કરેલ. આમ તો અમને ટાઈપ આવડતું નહોતું પણ એક હાથે એક્સપોર્ટમાં કામ કરેલ તેથી ઈન્વોઈસ શીપીંગ બીલ વિગેરે બનાવતા. એ નાના અનુભવ આમ કામ લાગ્યો. એ ઓફિસર જ કોઈ ફી લીધા વિના જ ડિપાર્ટમેન્ટમાં કેસ વખતે ઉભા રહેલા અને છેવટે એ કેસમાં નિર્દોષ જાહેર થયા અને દંડ માફ થયો. અપીલના રૂા.૫૦૦/- પાછા મળે છે પણ તે હજી સુધી લીધા નથી.

અકસ્માત પછીના આ પ્રસંગો છે.

અંદરની તીવ્રતા અને જિજ્ઞાસા દિનબદિન વધતી જતી હતી. સદ્‌ગુરૂની શોધનો ક્યાંય આરો નહોતો દેખાતો. નોકરી-ધંધા બંધ થઇ ગયા હતા દેવું માથે હતું એક ટેલીફોન હતો તે ૩૦ હજારમાં વેંચી દીધેલ. પત્નીએ ટીફીનને નાના કામ શરૂ કરેલ આમ ગાડું ચાલતું હતુ. સાધુ-સંતો-સાધકોના વ્યાખ્યાન સાંભળવા જતો. હિતવર્ધક મંડળમાં લાયબ્રેરી જોઈન્ટ કરી. સત્સાહિત્યનો ખાસ તો ગાંધી-વિવેકાનંદનો સ્વાધ્યાય શરૂ થયો.

ગાંધી વિવેકાનંદના સ્વાધ્યાયમાં કંઈક દિશા દેખાતી હતી. એમાં વિવેકાનંદનું એક વાક્ય આવેલ કે ''પાત્રતા પ્રગટ કરીએ તો પરમાત્મા સ્વયં મળે.'' એનાથી કંઈક સમાધાન થયેલ. સદ્‌ગુરૂ શોધની દોડ થોડી ધીમી થઈ હતી. આ પાત્રતા પ્રગટ કરીએ. એ તો આપણા હાથમાંની વાત છે ને! સદ્‌ગુરૂ પછી મળવા હશે તો મળશે ત્યાંસુધી કૃપાળુદેવને ગુરૂપદે સ્થાપી આગળની યાત્રા કરવી હોય તો કેમ? આવી વિચારણા ચાલી.

એમ જ એકવાર પાર્લામાં એ સમયે બંધુ ત્રિપુટીના રવીવારીય વ્યાખ્યાન ચાલતા હતા હજી એ સમયે એ સંપ્રદાયમાં જ હતા. એક વાર એ વ્યાખ્યાન સાંભળ્યા પછી વળતી વખતે પાર્લામાં જ પિતાશ્રીના મામા હરજીવન કેશવજી ટીંબડીયા રહેતા હતા તેમને મળવા ગયેલ એમની પાસે સરસ લાયબ્રેરી હતી. એમને ખબર અમે શ્રીમદ્‌જીમાં હમણા હમણા વધારે રસ લેવા લાગેલા એથી એમણે અમને શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનકોષ જેનું સંકલન ભીખાલાલ ગીરધરલાલ શેઠ, ગ્રાંટ રોડમાં રહેતા એમણે કરેલ. આ આધ્યાત્મિક શબ્દોની ડીકશનેરી જેવું ગણાય, શ્રીમદ્‌જીએ અધ્યાત્મના જે આત્મા, નિત્યત્વ, દ્રવ્ય, પર્યાય, અસ્તિત્વ, સમકિત એમ અનેક શબ્દો છે તેનો શ્રીમદ્‌જીએ એના પત્રોમાં કે વ્યાખ્યાન સાર કે ઉપદેશ નોંધ-ઉપદેશ છાયામાં જે લખેલ છે તે શ્રીમદ્‌જીના શબ્દોમાં જ કહેલ છે તેનું આ પુસ્તકમાં સંકલન છે. આ પુસ્તક હરજીવન બાપુજી અમને આપ્યું. એક દિવસ ઘરે બપોરે જમીને પલંગ પર બેઠેલો. આ પુસ્તકનું સહજ વાંચન કરતો હતો. એમાં એક શબ્દની વ્યાખ્યા વાંચી શબ્દ હતો ''અસ્તિત્વ'' કૃપાળુ દેવે વ્યાખ્યાન સાર ૧માં કલમ ૨૨૦માં એની નીચે મુજબ વ્યાખ્યા કરેલ છે.

''અસ્તિત્વ : આજ સુધી અસ્તિત્વ ભાસ્યું નથી. અસ્તિત્વ ભાસ થવાથી સમ્યકત્વ પ્રાપ્ત થાય છે. અસ્તિત્વ એ સમ્યકત્વનું અંગ છે. અસ્તિત્વ જો એક વખત પણ ભાસે તો તે દ્રષ્ટિની માફક નજરાય છે, અને નજરાયાથી આત્મા ત્યાંથી ખસી શકતો નથી. જો આગળે વધે તોપણ પગ પાછા પડે છે, અર્થાત પ્રકૃતિ જોર આપતી નથી. એક વખત સમ્યકત્વ આપ્યા પછી તે પડે તો પાછો ઠેકાણે આવે છે. એમ થવાનું મૂળકારણ અસ્તિત્વ ભાસ્યું છે તે છે.''

આ વાંચતા તરત ભાસ થયો આ અસ્તિત્વની વાત લખેલ છે તે જ અકસ્માત વખતે અનુભવ થયેલ તે જ તો નહિ હોય ને? હજી સુધી આ શું છે તેનો નિર્ણય થતો નહોતો. એમાં અવાજ આવ્યો એક દિવસ ''એક વરસનું મૌન લઈ લે''. એક તો ક્યારેય કલાકેક મૌનનો જીવનમાં પ્રયોગ કર્યો નહોતો. નોકરી-ધંધા બંધ હતા માથે દેવુ હતું. કમાનાર અમે એકલા જ હતા. આ શક્ય જ નહોતું પણ આ અવાજે અમારું ચૈન-નિંદ્રા હણાઈ ગયા હતા.

અકસ્માત પછી મારા બનેવી ધીરજલાલ જુનાગઢથી મુંબઈ આવી ગયા હતા. અમારા પછી મુંબઈમાંજ તેમનું બસમાં એકસીટેન્ટ થયેલ. ડાબો પગ ગોઠણથી નીચેનો કાપવો પડેલ. એમની પુત્રી મારી સગી ભાણેજ પારૂલને અસાધ્ય રોગ થયેલ હતો. વરસોથી સારવાર ચાલતી હતી. બાહ્ય રીતે શરીર-બધુ સારું લાગતું પણ રોગ મટતો નહોતો છેલ્લે એમને જૈન ક્લીનીક કાંદાવાડીમાં દાખલ કરેલ. અમે બંને રોજ મળતા. V આકારમાં આંગળી કરી દેહ અને આત્મા જુદા છે તને ક્યાં કાંઈ થાય છે આમ કહી બંને ખડખડાટ હસતા. દવાઓની કંઈ અસર નહોતી થતી. છેવટે એની આંખ ગઈ, હાથ ગયા, પગ ગયા, વાચા ગઈ અને છેલ્લે એ પણ ગઈ. આ બનાવે જે અંદર ખળખળાટ થયો છે તેનું શબ્દોમાં કેમ વર્ણન કરવું? આત્મા કહે, હે જીવ, ભગવાન તને મૌન લેવાનું કહે છે અને તું લેતો નથી. અને આમ જ ક્યાંક વાચા બંધ થઈ જશે તો શું કરીશ? નિર્ણય થયો કે ગમે તેમ પણ હોય એક વરસનું મૌન લેવું જ. પુરાંત કશી નહિ, આવક કશી નહિ, માથે દેવુ મૌન કેમ થશે તે મને પણ ખબર નહોતી.

અમે આજ સુધી અને આજે પણ પરિવારને ક્યારેય બોજ નથી માનેલ એ અમારી ફરજ છે અને એનું પોષણ કરવું એ અમારું કર્તવ્ય છે. એથી વરસના મૌન દરમ્યાન કંઈક વ્યવસ્થા થાય તો જ મૌન લેવાય એમ હતું. પારૂલની તિથી ૨૫/૧૧/૮૪ ના હતી. ૨૬/૧૧ થી મૌન લેવાનું હતું કશી વ્યવસ્થા હજી સુધી થઈ નહોતી. પણ સંકલ્પ પાકો હતો.

અમારા જીવનમાં સત્સાહિત્યનું બહુ મોટું યોગદાન છે. શ્રીમદ્ રાજચંદ્રજીના ચરણે પૂર્ણ સમર્પણ છે, પણ ગાંધીજી વિવેકાનંદજી, સંતબાલજીનો ખાસ ઉપકાર છે. સદેહે તો કોઈને જોયા નથી પણ એમના સાહિત્યે ઘણીવાર સાચે મારગે વાળ્યા છે. સદ્‌ગુરૂ મળે, સદ્‌ગુરૂ મળે એની સતત પ્યાસ રહેતી હતી. પણ વિવેકાનંદજીના એક વાક્યે ''પાત્રતા પ્રગટ કરો, પરમાત્મા સ્વયં ચાલી આવશે.'' આ એક વાક્યે યાત્રાને સાચી દિશામાં વાળી શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનકોષ પુસ્તકથી પણ કંઈક ઝાંખી થઈ. આમ અમારી યાત્રામાં પુસ્તકો અદભૂત સહાયક બનેલ છે.

આ મૌન ખરેખર ૨૬/૧૧ થી ચાલુ થાય છે. એ વ્યવસ્થા કેમ થઈ એ પછીની વાત હવે પછી.

**ક્રમશ :**

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો**
**... શ્રીમદ્ રાજચંદ્ર**

# એક અનોખી બૅંક - ડ્રગ બૅંક

કો-ઓપરેટિવ લૉના સિનિયર ઍડવૉકેટ શ્રી હર્ષદભાઈ આચાર્યને વર્ષ ૨૦૦૪માં અમદાવાદની ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરાયા. ડૉક્ટરો અને કેમિસ્ટની સાંઠગાંઠ, તે દવાખાનાના રોકાણ દરમિયાન ડૉક્ટરોએ બ્લડસુગર તથા કોલેસ્ટેરોલ પ્રકારે ૩૮ ટેસ્ટ અને રિપીટ ટેસ્ટ કરાવરાવ્યા. અલગ-અલગ ૧૩ પ્રિસ્ક્રિપ્શન થકી રૂા.૨૭,૦૦૦/- ની દવાઓ મંગાવી લીધી.

છાતીમાં દુઃખાવાની નજીવી ફરિયાદમાં ડૉક્ટરોની જાળમાં ફસાયેલા આચાર્ય અંતે કંટાળ્યા ને ૧૮મા દિવસે હૉસ્પિટલનું બાકી બિલ ચૂકવી એસ.ટી.ની સાદી બસમાં બેસી ભાવનગર આવતા રહ્યા.

શારીરિક માંદગીમાં ગરીબ વ્યક્તિની લાચારી, માનવશરીરની સેવાના નામે વ્યવસાય કરતા ડૉક્ટરો, હૉસ્પિટલ જેવા મહાકાય એકમોના નિભાવ માટેની મથામણ નજરે જોતા શ્રી હર્ષદભાઈનું મન વ્યથિત હતું તેવા સમયે પ્રમુખ સ્વામી મહારાજને મળતાં બાપાએ કહ્યું : ગરીબ માણસો માટે દવાની વ્યવસ્થા ગોઠવો, એ દરદી-નારાયણનું કામ છે!!!

વિનાયક કેળવણી મંડળ નામે સ્વૈચ્છિક સંસ્થા બનાવી મોટા અક્ષરે **'ગરીબો માટે દવાઓ મફત'** તેવું પાટિયું ચિતરાવ્યું અને મિત્રોના સહકારથી ભાવનગર શહેરના મધ્યભાગે રબર ફૅક્ટરી નામે એક વિસ્તારમાં દુકાન લીધી. ભગવાનનું કામ હતું તે હિતેશ પંડ્યા નામે અનુભવી ફાર્માસિસ્ટ સાથી મળ્યો. આથી નિયમો અનુસાર ડ્રગ લાઈસન્સ મળ્યું અને વર્ષ ૨૦૦૫માં ડ્રગબૅંક કાર્યાન્વિત થઈ.

સફેદ લેંઘો, સદરો, પગમાં ગાંધી ચંપલની મર્યાદિત જરૂરિયાતોથી અલગારી જીવન જીવતા વકીલ શ્રી હર્ષદભાઈની સેવાવૃત્તિથી ભાવનગર પરિચિત. આથી ડૉક્ટરો, મેડિકલ સ્ટોરના માલિકો અને આમ નાગરિકો પાસે પડી રહેલ દવાઓ મળતી થઈ. મંદિરો, મસ્જિદો અને જૈન દેરાસર પાસે મૂકેલા ડબ્બામાં પણ લોકો પોતાને બિનઉપયોગી હોય તેવી દવાઓ નાખી જતા. રવિવાર સિવાય આખું વર્ષ સાંજના ૫-૩૦ થી ૮-૩૦ સુધી ડ્રગ બૅંક ખુલ્લી રહે. દરમિયાન જરૂરિયાતમંદ દર્દીઓ ડૉક્ટરનું પ્રિસ્ક્રિપ્શન લઈ આવે, વિના મૂલ્યે દવાઓ મેળવી લે.

ભાવનગર જેવા ૭ લાખની વસ્તીના શહેરમાં મહિને અંદાજિત રૂ. ૫ લાખની દવાઓ દર્દીઓ પાસે પડી રહે છે. તે વિગત મેડિકલ સ્ટોરના માલિકો પાસેથી જાણ્યા પછી તો ડ્રગબૅંકના ૮૬ વર્ષના કર્મઠ સેવક કરશનભાઈ, કમલેશભાઈ પંડ્યા અને વિપુલભાઈ બારૈયા જેવા વીસેક સેવાભાવી યુવાનો ગરીબ માણસની સેવા કાજે ડૉક્ટરો પાસે, મેડિકલ રિપ્રેઝન્ટેટિવ, દવાની દુકાનો અને આમ નાગરિકો પાસે ફરી... ફરી... દવાઓ એકત્ર કરવા લાગ્યા. તો અન્ય સેવકો, મળેલ દવાઓ પૈકી એક્સપાયરી ડેટની દવાઓ છૂટી પાડે. તો કોઈ ગરીબ દર્દીઓના પ્રિસ્ક્રિપ્શન વાંચી નાના-મોટા રોગોની રૂ. ૫૦-૧૦૦ થી માંડી બ્લડ કૅન્સર જેવા રાજ-રોગ માટેની ૬૦ ગોળીના રૂ. ૧,૬૫,૦૦૦ની દવા પણ સેવાર્થે આપે છે.

માનવશરીરની મોંઘી સારવાર અને મોંઘી દવાઓના સમયમાં દરરોજ ૧૨૫ થી ૧૫૦ દર્દીઓને રૂ. ૨૫ થી ૩૦ હજારની દવા વિનામૂલ્યે આપવામાં આવે છે. દુકાન પાસે પાટિયામાં માત્ર બે સૂચના છે : (૧) સેવા બદલ દરદી-નારાયણ પાસેથી કોઈ શુલ્ક કે દાન લેવામાં આવતું નથી. (૨) આપેલ દવાઓ ડૉક્ટરને બતાવી ખાતરી કરી લેવી. સંસ્થાના પાયાના કાર્યકરો શ્રી અચ્યુતભાઈ મહેતા (સંપર્ક નં.: ૯૩૭૫૩ ૧૦૦૧૨) ઓળખાણ-પિછાણ ધરાવતા વેપારીઓ, ઉદ્યોગપતિઓને મળી રોજની રૂા.૫,૦૦૦/-ની દવાઓ દાનમાં મેળવવા પ્રયત્નશીલ રહે છે. તો શ્રી પુનિત આચાર્ય (સંપર્ક નં. ૯૨૨૭૫ ૦૬૩૦૬) જેવા યુવા કાર્યકરો ઈન્ટરનેટ અને વૉટ્સએપ ઉપર ગરીબ દર્દીઓ માટે જરૂરી દવાઓની અપીલ કરતા રહે છે.

પ્રતિવર્ષે રૂ. ૯૦ લાખથી ૧ કરોડની દવાઓનું વિનામૂલ્યે વિતરણ કરતી ડ્રગબૅંક દ્વારા ગરીબોનું હિત તો થાય જ છે પણ બિનજરૂરી રીતે વ્યય થતું બહુમૂલ્ય દ્રવ્ય (મેડિસિન) પણ કચરે જતું અટકે છે. આમ છતાં બૅંકના સેવકોને મનમાં રહે છે કે બાળકોનાં દર્દની, ચામડીના રોગોની કે આજકાલ વધતા જતા મનના રોગોની દવાઓ પૂરતા પ્રમાણમાં ન મળતા મહિને રૂ. ૩૦,૦૦૦ની દવાઓની ઘટ રહી જાય છે.

૩ થી ૫ હજાર પ્રકારની દવાઓના એકત્રીકરણ અને જાળવણી માટે સંસ્થા પાસે વ્યવસ્થા છે પણ ભાવનગર શહેરમાંથી દવાઓ એકત્ર કરનાર સ્વયંસેવકોની ઘટ છે. ભાવનગર યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય વિષયનો અભ્યાસ કરાવતી કૉલેજો છે પણ પુણ્યનું કામ કરતા વિદ્યાર્થીઓ બહાર આવતા નથી. આથી દેનાર છે, લેનાર છે પણ બંને વચ્ચેની કડી નબળી રહી જાય છે!!! જોકે મુંબઈથી કુલીનભાઈ લુઠિયા જેવા દાતાઓ સમયાંતરે પોતાના ખર્ચથી પાર્સલ કરી દવાઓ મોકલી દર્દીઓની જરૂરિયાતોને સમજે છે. આથી ડ્રગબૅંકની 'માનવજ્યોત' ઝળહળે છે.

ડ્રગબૅંકમાં દવા લેવા આવતા દર્દીઓને જૂના પ્રિસ્ક્રિપ્શન મુજબની દવાઓ અપાતી નથી, પરંતુ ભગવાનનું કામ પૂજાભાવથી થાય છે તે ૧૧ વર્ષમાં એક પણ દર્દીને દવાનું રીએક્શન આવ્યાનું જાણમાં નથી. કોઈ દર્દીને દવા જોઈતી હોઈ ત્યારે જ કોઈ દાતા દવાઓ લઈ આવે જ તેવા ચમત્કારિક સત્ત્વનું દર્શન અહીં વારંવાર થાય છે. ડ્રગબૅંક એટલે સ્વાસ્થ્યનો અન્નકૂટ!!!

તેમ મેડિસિન ઉપરના ટેક્સને પણ આવકનું સાધન માનતી સરકારોના કારણે આજે રૂ.૫,૫૦૦ની પડતર કિંમત ઉપરની દવાની એમ.આર.પી. રૂ. ૨૫,૫૦૦/- છપાય છે અને બીમાર માણસના ખિસ્સાનો ૪૦% હિસ્સો સરકારી વહીવટના નિભાવ માટે કાયદાના નામે ખેંચાઈ જાય છે.!!!

આવી બે-ધારી કલ્યાણનીતિ સામે ભાવનગરની સેવાભાવી સંસ્થા શરીરના રોગીઓને ઈશ્વરભક્તિના ભાવથી મદદરૂપ થાય છે, સાથે સાથે પર્યાવરણ-જાળવણીનું કામ પણ કરે છે. ડ્રગબૅંકના સેવા-કર્મીઓની ભાવના છે કે એક પેથૉલોજી લૅબોરેટરી દ્વારા દર્દીઓને પ્રામાણિક અને વ્યાજબી સેવા મળે.

ધમ્મપદમાં ભગવાન બુદ્ધે કહ્યું છે, 'માનવશરીરને બે જ દુઃખ પહોંચે છે એક શરીરનું અને બીજું ભૂખનું. બાકી દુઃખ મનનાં હોય છે.' આ સત્ય-તત્ત્વને સમજી શ્રી હર્ષદભાઈ અને તેમના સ્વર્ગવાસ પછી સેવાભાવી સાથીઓના યજ્ઞ થકી ઈશ્વરના પ્રસાદ સમા માનવશરીરની કાળજી લેવાનું આ કામ છે જે બીજા શહેરમાં પણ થવું ઘટે. - ડૉ. **નાનક ભટ્ટ.**

**તા.ક. આ સંસ્થામાં દાતા કે દરદી પાસેથી દાન રૂપે પણ કોઈ રોકડ નાણું લેવામાં આવતું નથી. 'નવ ચેતન', જુલાઈ -૧૬માંથી સાભાર.**

## તંત્રી સ્થાનેથી :

આ અંકમાં ''સદભિ: સંગ'' મનુભાઈ પંચોલી-''દર્શક'' લિખિત પુસ્તકમાંથી કેટલાક પ્રસંગો લીધા છે.

આજે તો ૧૦૦% કોઈ સ્કુલ કોલેજ સંસ્થાનું રીઝલ્ટ આવે એને આપણે શ્રેષ્ઠ સ્કુલ સમજીએ છીએ. પણ એ માત્ર ભણતર છે. આજના શિક્ષણમાં શ્રમનો છેદ ઉડાડી દીધો છે. સંસ્થાઓને માત્ર પોતાના કાર્યમાં જ રસ છે, પણ એ જ્યાં રહે છે તે પ્રજાના સુખદુ:ખમાં સહાયક થવાની ભૂમિકા સદંતર ભૂલી જવામાં આવી છે. સંદભિ સંગ એ પુસ્તકમાં લોકભારતી-સણોસરા-આંબલામાં જે શૈક્ષણિક સાથે સામાજીક કાર્યો થયા તેના સંભારણા છે.

અદભૂત પ્રયોગ આ થયો છે. નિર્ભયતા સેવા શ્રમ-શિક્ષણ-પ્રજાના પ્રશ્નોમાં પણ સહાય એમ અનેક રીતે નાનાભાઈ ભટ્ટે વિશાળદ્રષ્ટિથી લોકભારતી આંબલા-સણોસરામાં આવા અનેક પ્રશ્નો આપણા જ છે એમ માની શિક્ષણ સાથે જ આનો ઉકેલ લાવવા પ્રયત્નો કર્યા છે. ખૂબ પ્રેરણાદાયક આ પુસ્તક છે. ખાસ તો સંસ્થાઓએ અને શિક્ષકોએ ખાસ આ પુસ્તકનો અભ્યાસ કરવાની જરૂર છે. જરાપણ કંટાળો ન આવે અને એક કથાની માફક રસ પડે એમ માનનિય મનુભાઈએ આ દસ્તાવેજીકરણ કરેલ છે.

આપણા બધા પ્રશ્નો ઊભા થયા છે તેનું મૂળ કારણ સાચા શિક્ષણની તથા ભારતીય ગોવંશની ઉપેક્ષા કરી છે તે છે. આ જ અંકમાં ઉરુગ્વેની પ્રગતિ આપણા જ ગોવંશના આધારે થઈ છે તે અને ગીરગાયના મૂત્રમાં સોનુ છે એ વૈજ્ઞાનિક રીતે હવે સાબિત થયું છે. આ બંને લેખ તેની સાબિતી છે.

આજે તો શિક્ષણને નામે શોષણ થઈ રહ્યું છે. ધંધો થઈ ગયો છે. નઈતાલીમની એક જ વાત ગાંધીજીની આપણે માની હોત તો પણ ઘણા પ્રશ્નો જે આજે અજગરની જેમ ભરડો લઈ બેઠા છે તે થયા જ નહોત. હજી સમય છે. જાગી એ

આ અંક ૧૨ પાનાનો થાય છે પણ હવે પછી એ ૮ પાનાનો જ રહેશે.

**'સદભિ: સંગ' પુસ્તકના પ્રકાશક છે.**
**લોકભારતી, સણોસરા, જિ.ભાવનગર-૩૬૪૨૩૦.**

## અધ્યાત્મની સાચી સમજ

નાનાભાઈ કહેતા, આપણે જંગલની સ્વતંત્રતા નથી જોઈતી. તે તો હતી જ. આપણે સમાજમાં આવ્યા છીએ તેનો લાભ લેવો છે; એટલે તે માટેની ફરજો બજાવતાં અધિકારો ભોગવવાના છે. તેઓ ભારે વિલક્ષણતાથી સમજાવતા કે માણસ પરણે છે ત્યારે તેની નિર્બંધ સ્વતંત્રતા પર કાપ આવે છે, પણ તેની બીજી બાજુ એ છે કે તેની કેટલીક પરતંત્રતા દૂર થાય છે. તેને રાંધવું પડતું નથી. ઘર સફાઈ કરવી પડતી નથી. કેટલીક પરતંત્રતા જેને ખરી રીતે નિયમન કહેવું જોઈએ. પરાધીનતા શબ્દ ખોટો છે. જે કાંઈ સ્વેચ્છાએ થાય છે, પરિસ્થિતિ સમજીને થાય છે, તે નિયમન છે. આ નિયમન આપણી સ્વતંત્રતાની ક્ષિતિજો વધારે છે. સમાજના લાભો લેવા અને સમાજ પ્રત્યેની ફરજો ન બજાવવી તે એક પ્રકારનું શોષણ જ છે. નાની ઉંમરે સમજ ન હોય તો આપણે તેને ચલાવી લઈએ કે તેના વતી કામ કરી લઈએ. પણ આ મહાવિદ્યાલયની કક્ષાએ તો, જવાબદારીઓ અદા કરતાં કરતાં ભોગવવાનું સ્વાતંત્ર્ય જ હોઈ શકે.

આ માર્ગદર્શન રૂડું અને સ્પષ્ટ હોવા છતાં કોઈકવાર સ્વતંત્રતાની ચર્ચા થતી એ વખતે નાનાભાઈ એ પણ કહેતા કે માણસ પર નિયમન જેટલું ઓછું હોય તેટલું સારું. તેઓ કહેતા કે મોટી ઉંમરે આપણે અમુક વર્તાવની અપેક્ષા રાખીએ, ભોજનમાં સમયસર આવવું જ જોઈએ, તે સામાજિક વર્તાવનો સવાલ છે. પ્રાર્થનામાં ભલે ન આવે, તે મનોવૃત્તિ ઘડવાનો કાર્યક્રમ છે. પણ હાજરીમાં આવવું જ જોઈએ. આ સામાજિક વર્તાવનો સવાલ છે. આત્મવિકાસનો આ કાર્યક્રમ નથી. આત્મવિકાસના કાર્યક્રમો અભિમુખતા કેળવીને કરાય, પણ લઈ ગયેલ રકમનો હિસાબ આપવાનું કામ અભિમુખતા હોય કે ન હોય તેણે કરવું જ જોઈએ. એમણે એક વાર મને વાતોમાં કહેલું કે 'આજે મનોદબાણ-ડિપ્રેશનની વાતો થાય છે કે, તેનાથી ગ્રંથિઓ બંધાઈ જશે. તે વિષે મારે એટલું જ કહેવાનું છે કે નિર્ગ્રંથ માણસ કોઈક જ હોઈ શકે. આદર્શ સમાજ અને આદર્શ વ્યક્તિ ભૂમિતિના બિંદુ જેવા છે. તેના અસ્તિત્વથી આપણે તો ઓછામાં ઓછી ગ્રંથિઓ બંધાય અને બંધાય તો પણ ઢીલી બંધાય, તેને સમજ આવે ત્યારે છોડી શકે તેવી ગ્રંથિ હોય તેના પર જ ધ્યાન રાખવું જોઈએ.' પછી હસતાં હસતાં કુંડલાના એક બહુ જ્ઞાની વૈદ્યની વાત કરેલી કે જેને શાક મારકીટમાંના બધાં શાકમાં કાંઈક ને કાંઈક દોષ લાગ્યા, કોઈક પિત્તવર્ધક, કોઈ કફ વધારનાર, કોઈ વાયુ કરનાર તેથી એકે શાક લીધું નહિ. છેવટે લીમડાની ભાજી લઈ ઘેર આવ્યા.

આ બધી વાતો રાજનીતિમાં રૂસો-પ્લેટો ભણાવતાં મને બહુ ખપ લાગી છે. પ્લેટો આદર્શ માટે અતિ નિયમનમાં માનનારો, રૂસો આદર્શ માટે અતિ સ્વાતંત્ર્યમાં માનનારો. બુદ્ધે આ બેઉ છેડા છાંડીને ચાલવાનો મર્માળો ઉપદેશ આપ્યો છે. તેની અમે વર્ગમાં કેટલીક વાર આનંદદાયી આતશબાજી ઉડાડેલ છે ત્યારે ઉમાશંકરને વર્ગ તે સ્વર્ગ છે તે અનુભવ થયો છે.

ગ્રામસમાજને જે ઉપયોગી થવા નીકળે તેણે પોતાના વેતનને પણ પરિસ્થિતિ જોઈને કોઈક યોગ્ય માપમાં રાખવું જરૂરી છે. તેનું જીવનધોરણ એવું હોવું જોઈએ કે તેની આજુબાજુના સમાજને અઘટિત ન લાગે, અને તેનામાં લોકોની શ્રદ્ધા ઓછી ન કરે.

સ્વતંત્રપણે પણ નાનાભાઈ જે ભારતીય પરંપરાની સમજ આપતાં તેમાં શ્રેય અને પ્રેયની વચ્ચે પસંદગી કરવાનું આવે તો શ્રેયને અનુકૂલ હોય એટલું જ પ્રેય સેવવું સહુ કોઈને માટે હિતાવહ છે, તેવું અભિપ્રેત હતું જ. - **સદભિ: સંગ માંથી સાભાર.**

## શિક્ષણ સાથે શ્રમ સેવાનો અનોખો પ્રયોગ

૧૯૭૪માં ફરી દુષ્કાળ પડ્યો તેવાં ચિહ્નો વરતાયાં. અમે તો આકાશની કૃપા પર જીવનારા; એક વર્ષનો દુષ્કાળ પડે, તોપણ કેડય ભાંગી નાખે. ગોપાલન આમે ખોટનો ધંધો. અમે ૪૦ વર્ષમાં ગીર ગાયોનું દૂધ લગભગ બમણું વધાર્યું હતું પણ તે પછી ખાણ-દાણ, ઘાસ, લીલા ચારાના ભાવ વધતાં ગોશાળાનાં બે પલ્લાં સરખા થતાં નહિ. બગીચા, સૂકી ખેતી પણ આવા વર્ષે મોટી ખોટમાં જતાં. મુખ્ય સવાલ પાણીનો હતો. આટલાં વર્ષે પણ એનો કોઈ ભરોસાપાત્ર નિકાલ અમે કરી શક્યા નહોતા. ૬ કૂવા ગાળ્યા હતા, એક ઝળમ જેવા કૂવામાં તો લાખેક રૂપિયા ખર્ચી ચૂક્યા હતા. પણ ૭૦૦ માણસો, ૧૫૦ ઢોર, અને બે-અઢી હજાર વૃક્ષોને પાણી પૂરૂં પાડવાનું નબળા વર્ષે શક્ય નહોતું થતું. એ વર્ષે એક જ સારો વરસાદ થયો. તે

વખતે સીંદરીમાં સારું પૂર આવ્યું. એ જોઈને નિયામક કુમુદભાઈ અને અમારા ઈજનેરીના અધ્યાપક પી. પી. કાકાને સૂઝયું કે આવા વર્ષે એક વાર તો પૂર આવે જ છે. તો જો એ પાણી સંસ્થામાં વાળી તળાવો ભરી લીધાં હોય તો, કૂવાઓ સજળ રહે અને સાતેક તળાવડાં બની શકે તેમ હતાં. તેમાં ૪૦ મિલિયન ક્યુબિક ફીટ પાણી સંઘરાય તેમ હતું. આ માટે નદીના પટમાં અમે અગાઉ નાનો બંધ બાંધેલો. તેને ઊંચો લેવો પડે, અને ૧૪૦૦ ફૂટની લાંબી પહોળી કેનાલ ગાળવી પડે. પણ જો આ બને તો ૪૦ વર્ષથી પાણીનો જે પ્રશ્ન અમને મૂંઝવતો હતો, છ છ કૂવાઓ છતાં પણ પત્યો નહોતો, તે પ્રશ્ન ઊકલે. નકશાઓ થયા, અંદાજ મુકાયા, સુધારાવધારા થયા, ઉત્સાહભેર ચર્ચાઓ થઈ. ૧૪૦૦ ફૂટ લાંબી, ૨૦ ફૂટ પહોળી અને ૧૮ ફૂટ ઊંચી નહેર અમે સમૂહશ્રમથી ગાળીએ તેમ બધાએ ઠરાવ્યું; તળાવડાં અને નદીના ડેમના બાંધકામનું ખર્ચ લાખ -સવા લાખ રૂપિયા આવે, તે તો ઈજનેરી દ્રષ્ટિએ બહુ મામુલી ગણાય તેવું કહેવાયું. મેં કહ્યું, 'આગળ વધો એટલી રકમ મળી રહેશે.' બધા ઉત્સાહથી ઊભરાઈ ગયા.

એટલે હું પહેલાં એકસલવાળા ગોવિંદજીભાઈને મળ્યો. પેલો નકશો બતાવ્યો. એમણે કહ્યું, 'તમારાથી મેળવાય તેટલું મેળવો, બાકીનું મારું. કશું ન મળે તોપણ લાખ રૂપિયા તો મારા ખરા જ. મને આવડી મોટી આશા નહોતી. મારું મન ભરાઈ ગયું. ૧૯૭૪ ની ૧૭મી ડિસેમ્બર મુહૂર્ત જોઈ અમે સૌ એટલે આખી સંસ્થા કામ પર નીકળી પડી. નહેરનો રસ્તો દોરાઈ ચૂક્યો હતો, ટુકડીઓ પડી ગઈ હતી. દરેક ટુકડીને તેના ભાગે આવતા ખોદાણકામનો ટુકડો બતાવાઈ ગયો હતો. આમ એક અનેરું કામ શરૂ થયું. સવારે પ્રાગટયના દોરા ફૂટ્યે કામ શરૂ થાય; બપોરે ભોજન, આરામ, થોડી ઊંઘ, થોડી વાતો, થોડી પૂર્વવ્યવસ્થા અને સાંજે પાછી ધબધબાટી. સંધ્યા ઊતર્યે સ્નાન, ભોજન, પ્રાર્થના અને શાંત નિદ્રા. કેટલા દિવસ કામ કર્યું તે યાદ નથી. ઠીક ઠીક દિવસ ચાલ્યું. ૪૦ લાખ ઘનફૂટ માટી કામ થયું. એક દિવસ ગોવિંદજીભાઈ એમનાં પત્ની સાથે ઓચિંતા આવી ચડ્યા. અમે તો બધાં કામમાં મસ્ત હતા. થોડી ક્ષણો ફરી, દાનની રકમ હાથમાં મૂકી પ્રસન્નતા વ્યક્ત કરી ચાલતા થયા. નહેર ખોદાયા પછી કામ તો ચાલુ રહ્યું જ, નદી વચ્ચે મોટો બંધ બાંધવાનો હતો, સાતે તળાવડાં પાણી જવાનાં પાકાં ગરનાળા સાથે તૈયાર કરવાનાં હતાં. નબળાં વર્ષમાં ઘણાંને કામ મળી રહ્યું. શ્રેય જાય પી. પી. કાકાને. તે વખતે તેમને આવ્યે ઝાઝો વખત નહિ થયેલો. પણ કાયમ ખડે પગે ઊભા રહ્યા. સણોસરાનો તાપ તો માથું ફાડે એવો, એમાંય ભીનો ટુવાલ માથા પર મૂકી તડામાર કામ કર્યું. પહેલો વરસાદ આવે તે પહેલાં બધું કામ પુરું કરવાનું હતું. માત્ર પુરું જ નહિ, પાક્કું કરવાનું હતું. પાળામાંથી પાણી સરી ન જાય તે માટે જાડું પ્લાસ્ટિક હજારો ફુટનું નાંખવાનું હતું. પાણીના પાકા ઓવારા બાંધવાના હતા, પાણીને દાખલ કરવાના લોખંડના દરવાજા, તેને વાળવા માટેની ઠેર ઠેર બારીઓ તૈયાર કરવાની હતી, અને પાછું એ જ પાણીને છેલ્લે બીજા છેડે નદીમાં જ નાંખવાનું. નદીના મોટા બંધનું કામ તો એક સ્વતંત્ર માણસ જ માગે તેવું હતું કારણ કે અગાઉના નાના બંધની બેઉ બાજુઓ મોટા પૂરે ખોદી નાંખી હતી; પણ પી. પી. કાકા તે બધાને પહોંચી વળ્યા. આ બધા મહિનાઓ દરમિયાન પગ વાળીને કેટલું બેઠા હશે તે ભગવાન જાણે! પણ કામ પુરું થયું. મન ભરીને વરસાદ વરસ્યો. બંધ ઉપરથી પાણીનો ધોધ પડવા માંડ્યો, સંસ્થા આખી બહાર નીકળી પડી. નહેરના દરવાજા ખોલવાના હતા. પાણી આવવાનું હતું. પી. પી. કાકાએ, ડાહ્યાએ દરવાજો ઊંચો લીધો, નદીનું પાણી ધસમસતું નહેરમાં પેઠું. આનંદ થઈ રહ્યો. સૌએ પાણીને વધાવ્યું કોઈએ તાળીઓનો ગડગડાટ મચાવ્યો. ઘણાં તો પાણીની જોડે જ નહેરના કાંઠે દોડવા માંડ્યાં. તેમણે ગાળેલી નહેર હતી ને! તેમણે આણેલું પાણી હતું ને! મને વેદમાં વિશ્વામિત્રે નદીઓની કરેલી સ્તુતિ યાદ આવી. સંસ્થાની એકતા અને આનંદની તે પરમ ક્ષણ હતી. આ સાત તલાવડાંથી અમને તો ફાયદો થયો. પણ ગામલોકોના નીચેના ત્રીસ કૂવાનું પાણી પણ પાકું થયું.

**- ''સદભિ: સંગ'' માંથી સાભાર.**

## સેવા એ શિક્ષણનો ભાગ છે

એ અરસામાં જ અમે ગોહિલવાડમાં પહેલી જ વાર કોઈમ્બતુરની ૪૧૯ નંબરની શેરડી છેક કોઈમ્બતુરથી મંગાવી વાવી. ગણ્યાં વર્ષોમાં એ ચારેબાજુ ફેલાઈ ગઈ. કારણ કે તે કઠણ હતી. શિયાળ, ઉંદર ખાઈ શકે નહિ તેવી કઠણ અને ઉતારો ક્યાંય વધારે.

ભાવનગર રાજ્યે ધોળામાં ખાંડનું કારખાનું કાઢેલું. કારખાનાની શેરડી માટે આજુબાજુના ગામોમાં શેરડી વવરાવેલી, પણ શેરડી લેવા વખતે ભાવ ઘણો નીચો બાંધ્યો. એ ભાવે બાર-ચૌદ મહિના પાણી પાઈને ઉછેરેલો પાક વેચવો પોસાય તેમ ન હતો. રાજ્યનું દબાણ વધતાં એ બધા ખેડૂતો અકળાયા અને ચોગઠવાળા ભડ આગેવાન છગનભાઈએ આવી અમારી મદદ માગી.

અમે ખેતી કરતા અને તેથી શેરડીના પાક પાછળ કેટલું ખર્ચ થાય તેનો વાસ્તવિક અંદાજ હતો. નાનાભાઈએ મને તેમની જોડે જઈ ઘટતી મદદ કરવા કહ્યું, મેં ખેડૂતોને સાંભળી રાજ્યની દરખાસ્તને સમજી સત્યાગ્રહ કરવાની સલાહ આપી અને જો સારી રીતે સત્યાગ્રહ કરે તો હું સાથે રહીશ તેમ પણ કહ્યું. સત્યાગ્રહમાં હાલ તો એટલું જ કરવાનું હતું કે કારખાનું શેરડી લેવા આવે તો તેમને શેરડી ન આપી દેવી, ન ભરી દેવી. તેમની મેળે કાપી-વાઢીને લઈ જાય તો જોશું. આગળ ઉપર જરૂર લાગશે તો આપણા વાઢને આપણા હાથે સૌ દેખે તેમ દીવાસળી ચાંપી દેશું. કારખાનું વાજબીભાવ આપે તો શેરડી આપવામાં વાંધો નથી. બીજી વાત મેં એ કરી કે પ્રજા પરિષદની જવાબદારી રાજ્યતંત્રની માંગ આપણને કબૂલ મંજૂર છે. આગેવાનો આપણા મિત્રો છે. તેમની સલાહ પણ લેશું - છતાં આ પ્રશ્નને રાજકીય રંગ કે રાજકીય હિલચાલના ભાગ તરીકે નહિ ચલાવીએ.

ખેડૂતો મને નિકટથી ઓળખતા ન હતા. છગનભાઈને તો તે વખતે જ જોયા. તેમનામાં તેજ, વ્યવહારુ સમજ હતાં. તેમણે આ વાતને ટેકો આપ્યો. પહેલાં તો વાટાઘાટ જ થાય, એટલે રાજ્યના વરિષ્ટ અમલદારોને અમે મળ્યા. તે કાંઈ અજાણ્યા તો નહોતા, પણ તેમની દલીલ જે આજે પણ ઉદ્યોગવાદના આંધળા, એકાંગી આયોજકોની છે તે જ હતી કે ઉદ્યોગો વિકસે તેમાં સૌને લાભ જ છે. અને ઉદ્યોગો વિકસાવવા હોય તો કાચો માલ સસ્તો મળવો જોઈએ.

મેં તેમને કહ્યું કે મહારાષ્ટ્રની ખાંડ સાથે આ કારખાનાની પેદાશ ઊભી રહી શકશે કે નહિ તે કારખાનું નાખતાં પહેલાં વિચારવું જોઈતું હતું. ત્યાં પાણી જમીનની જે સગવડો છે તે અહીં નથી. જરા કટાક્ષ કરીને કહ્યું, 'તિબેટમાં આ શેરડીનું કારખાનું નાંખ્યું હોત તો આથીયે મોંઘુ પડત. પણ તે ભૂલ માટે ખેડૂતો શા સારુ સહન કરે?

કારખાનાની જ ખોટી પસંદગી થઈ હોય તો રાજ્ય જવાબદાર છે. તેણે જ રસ્તો કાઢવો જોઈએ. ખેડૂતો ગોળ કરી શકે તેમ છૂટ આપો. જેને તમારા ભાવ પરવડતા હશે તે તમને શેરડી આપશે.'

'તો તો કારખાનું કેમ ચાલે ? આટલી મૂડી નાખ્યા પછી તે ભાંગી ન પડે તે જોવું જોઈએ.' મેં જરા ઉતાવળા સાદે કહ્યું, 'ખેડૂતોએ પેઢાનપેઢીની મૂડી નાખી છે, તે ભાંગી ન પડે તે પણ જોવું જોઈએ.'

હસીને કહે 'બંનેનું જોવું જોઈએ.'

મેં કહ્યું, 'એ અમને કબૂલ છે.'

રાજ્યે પરાણે શેરડી મેળવવા બે-ત્રણ જગ્યાએ કોશિશ કરી. ખેડૂતો મક્કમ રહ્યા. અને આખરે ભાવ વધારી આપ્યા.

**- ''સદભિ: સંગ'' માંથી સાભાર.**

## નિર્ભયતાનું આ છે શિક્ષણ

સ્વતંત્રતા એટલી ઝડપે આવી કે અમે પણ ઘડીભર સ્તબ્ધ થઈ ગયા. આંબલા ગામમાં મોટો વરઘોડો નીકળ્યો, બધાને મીઠાઈ વહેંચાઈ, ધ્વજવંદન થયું, હરિજનો, સવર્ણો બધા ખુશખુશાલ થઈ ગયા. બધાને એમ લાગ્યું કે નવ-દસ વર્ષથી આ ગાંધીવાળા ચોરે-ચૌટે જે કહેતા હતા તે સાચું પડ્યું. ગાંધી ચમત્કારી તો ખરા.

ઉત્સવનો થાક હજુ ઊતર્યો નહોતો, ત્યાં બીજે દિવસે સાંજે અમારો ગોવાળ ખીમજી દોડતો આવી કહે, 'બહારવટિયો ગેમલો ગામ ભાંગવા આવે છે. નાનાભાઈ, મૂળશંકરભાઈ અને હું રસ્તા વચ્ચે ઊભા રહ્યા. નાનાભાઈએ તો ઝભ્ભો પણ પહેર્યો નહોતો. મનુભાઈ દવેને ખબર આપ્યા. મારાં પત્નીને ખબર આપ્યા. અંધારું પથરાતું હતું ત્યાં ત્રણ વળાંક પર દેખાયા. પડકારો થયો, 'કોણ ? નાનાભાઈ તેમની રોજની શાંતિથી કહે, ''હું નાનાભાઈ,'' ત્રણે બહારવટિયાએ આવીને હાથ જોડયા, 'તમે કેમ અહી ઊભા છો ? અમે સંસ્થાને આંચ આપીએ જ નહિ ને' નાનાભાઈ કહે, 'પણ આ ગામ મારું જ છે, તેને ભાંગો કે સંસ્થા ભાંગો બધું સરખું જ છે.

ગેમલો કહે, નાનાભાઈ, આ ગામના બે-ત્રણ પટેલિયા બહુ ફાટયા છે, એમને મારે બંદુકે દેવા છે.'

નાનાભાઈ કહે, 'તો અમનેય બંદુકે દેતા જાઓ.'

ગેમલો કહે, 'નાનાભાઈ, મને એમને મારો હાથ બતાવવા દ્યો.'

નાનાભાઈ કહે, 'એ ન બને.'

ગેમલો કહે, 'પણ નાનાભાઈ, અમે સંસ્થાને કયાં અડીએ છીએ ? સંસ્થા તો અમારું થાનક છે.'

'અમે અને ગામ જુદાં નથી.'

મેં વચ્ચે પડીને કહ્યું, ગેમાભાઈ, આ તમારી સાથે છે તેના પર કોઈ ઘા કરે તો તમે વચ્ચે પડો કે નહી ?

ગેમલો વટથી કહે, 'કરી તો જુઓ, હું બેઠો હોઉં ત્યાં સુધી એના પર ઘા કેમ થાય ?

મેં કહ્યું, એમ આ ગામ પણ અમારું છે, અમારા બેઠાં કોઈ ઘા કરે તો અમે લાજી મરીએ.'

ગેમલાને દલીલ ચોંટી ગઈ અને અમે એ ત્રણ જણને સંસ્થામાં લઈ ગયા. રોટલા ખવરાવ્યા. એમાં એક તદ્દન જુવાન જેવો હતો તેને આ માર્ગેથી પાછો વળી જવા સમજાવ્યો. ગેમલાએ પણ હા પાડી. નાનાભાઈએ પોલીસ તેને નહિ રંજાડે તેવી બાંહેધરી આપી.

ગેમલો કહે, 'ભલે એનું સુધરતું.' પછી કહે, 'કાલ આપણે આઝાદ થયા, અને તમે ગામમાં ધામધૂમ કરી તેમ અમેય ડુંગરે બેસી બંદૂકો ફોડેલી.'

નાનાભાઈએ રાજ્યને ખબર આપ્યા અને પોલીસ આવી પેલા જુવાનને લઈ ગઈ. ગેમલાએ એટલું કબૂલ્યું કે આંબલા, રામધરી, વાવ ત્રણ જે અમારાં કાર્યક્ષેત્રના ગામો છે તેમાં તે નહિ આવે. - **''સદભિ: સંગ'' માંથી સાભાર.**

## ભારતીય ગોવંશથી ઉરુગ્વેમાં સોનું પાકે છે

ઉરુગ્વે એક એવો દેશ છે જેમાં દરેક માણસ પાસે સરેરાશ ચાર ગાયો છે અને આખી દુનિયામાં ખેતીની બાબતમાં પ્રથમ નંબર ધરાવે છે.

માત્ર ૩૩ લાખની વસ્તીનો આ દેશ છે અને ૧ કરોડ ૨૦ લાખ ગાયો છે. દરેક ગાયોના કાનપર ઈલેક્ટ્રોનીક ચીપ લગાવેલ હોય છે જેનાથી કંઈ ગાય ક્યાં છે તે જોઈ શકાય છે.

એક કિસાન મશીનમાં બેઠા ફસલ કટીંગ કરતા હોય છે તો બીજો એને સ્ક્રીન પર જોડે છે જેથી ફસલનો ડાટા શું છે તે જાણી શકાય છે. એકઠા થયેલ ડાટા મારફત કિસાન પ્રતિ વર્ગ મીટર કેટલી પેદાવર થઈ છે તેનું સ્વયં વિશ્વલેષણ કરે છે.

૨૦૦૫માં ૩૩ લાખ લાકોનો દેશ ૯૦ લાખ લોકોને માટે અનાજ પેદા કરતો હતો. અને આજની તારીખે ૨ કરોડ ૮૦ લાખ લોકો માટે અનાજ પેદા કરે છે.

ઉરુગ્વેના સફલ પ્રદર્શન પાછળ કૃષિ નિષ્ણાતો, કિસાનો અને પશુપાલકોના દસવર્ષની અધ્યયનની મહેનતનું આ પરિણામ છે.

પુરી ખેતી દેખરેખ માટે ૫૦૦ એન્જીનીયર લાગેલા છે અને આ લોકો ડ્રોન અને સેટેલાઈટથી કિસાનો પર ધ્યાન રાખે છે કે ખેતીમાં એ જ પ્રક્રિયાઓ ઉપયોગ કરે જે નિર્ધારિત કરવામાં આવેલ છે એટલે કે દુધ, દહીં, માખણની સાથે આબાદીથી કંઈ ગણુ વધુ અનાજ ઉત્પાદન.

વધારાનું અનાજ, દુધ, દહીં, માખણની સહજ નિકાશ થાય છે અને દરેક કિસાન લાખો રૂપિયા કમાય છે. એક માણસની ઓછામાં ઓછી આવક મહિને રૂા.૧,૨૫,૦૦૦/- મહિનાની છે એટલે કે ૧૯૦૦૦ ડોલર વર્ષના.

ઉરુગ્વે દેશનું રાષ્ટ્રીય ચિહ્ન સૂર્ય અને રાષ્ટ્રીય પ્રગતિ ચિહ્ન ગાય અને ઘોડો છે.

ઉરુગ્વેમાં ગાયની હત્યા પર તત્કાલ ફાંસીનો કાયદો છે.

ધન્યવાદ છે આ ગોપ્રેમી દેશને મુખ્ય વાત એ છે આ બધી પ્રગતિ થઈ છે ભારતીય ગોધનના સહારે જે ત્યાં ભારતીય ગોવંશ નામે પ્રખ્યાત છે.

દુ:ખ એ વાતનું છે કે ભારતમાં ગોહત્યા થાય છે જ્યારે ત્યાં ઉરુગ્વેમાં ગોહત્યા પર મૃત્યુદંડનો કાયદો છે.

શું ખેતી પ્રધાન ભારત દેશ ઉરુગ્વે પાસેથી કંઈ શીખશે ?

**- કિશોરભાઈ જૈન, બેંગલોર (WhatsApp)**

**मा बाप का दिल जीत लो, कामयाब हो जाओगे।**
**वरना सारी दुनिया जीत कर भी हार जाओगे।।**

# આ છે ડેન્માર્કના સાચા કારખાના

યંત્રીકરણ એટલે ઊંચા-ઊંચા ભૂંગળા, ગીચ વસ્તી, ગંદવાડ, એકવિધતા, સુરૂપતાનો અભાવ આવા ખ્યાલો મારા મનમાં હતા. ૧૯૫૩માં લંડનમાં પેસતાં જ જોયું કે ત્યાં અતિ ઊંચા મકાનો ન હતાં, ઘણાં તો અલગ - અલગ એકાંતને જાળવી રાખનારાં હતાં. લંડનની બજારોમાં ઘણી દુકાનોમાં ગુલાબના ગુચ્છા જોઈને તો હું નવાઈ પામ્યો, પણ એલ્સીનોરના સ્ટેશને, એંજિન ઊભું રહે ત્યાં ખીલેલાં ફૂલોનો માંડવો જોતાં તો મારા આશ્ચર્યની અવધિ જ ન રહી. યંત્રીકરણ એટલે સૌંદર્યનો નાશ તેવો મારો સંસ્કાર પણ ગેરસમજવાળો હતો તેવી પ્રતીતિ થઈ.

ડેન્માર્ક એટલે પ્રમુખતઃ ડેરી - દૂધ ઉત્પાદન પર વિકસેલો સમાજ. ત્યાંની શાંત, ચમકતી ચામડીવાળી, દૂધે લચી પડેલા આઉવાળી લાલ ડેનિશ ગાયોનાં ધણના ધણ જોઈને મને એ સાચું ગોકુળ લાગતું. એકવાર એક ડેનિશ ગૃહસ્થને મેં કહ્યું, 'તમારે ત્યાં કારખાનાં નથી?' 'કોણે કહ્યું? મારે તો દસ કારખાનાં છે, ચાલો બતાવું.' મને નવાઈ તો લાગી. તેને ઘેર ગયો એટલે ગમાણમાં શાંતિથી ઘાસ ચાવતી ગાયો બતાવીને કહે, 'આ મારાં દસ કારખાનાં; મિ. પંચોલી, કારખાનું એટલે શું?'

મને મૂંગો રહેલો જોઈને કહે, 'કાચા માલમાંથી પાકો માલ બનાવે તે કારખાનું! આ મારી ગાયો ઘાસ ખાઈને દૂધ જેવો પોષક પાકો માલ આપે છે, તે કારખાનાં જ છે ને!' હું છક થઈ ગયો તે ખેડૂતની અકબંધ સમજણ પર. આપણે ત્યાં ગોકુળનાં ગીત ગવાય છે, પણ ગાયો મરતી, ઘસાતી જાય છે. ગાય વિનાનાં ગીતો, તારા વિનાનાં અંધારાભર્યા આકાશ જેવા.

ડેન્માર્કમાં મને ત્રીજી શાખ મળી કે કલ્યાણરાજ્યના પ્રત્યક્ષ દર્શનની. એક અવિધિસરના સમાજવાદી તરીકે હું એવું માનતો હતો કે રાષ્ટ્રીયકરણ અને પૂરા આયોજન વિના સંપત્તિની વાજબી વહેંચણી કે નાગરિકોને સન્માનભર્યું જીવન શક્ય નથી. રશિયાની પૂરતા કાબૂવાળી પંચવર્ષીય યોજનાઓએ આવો ખ્યાલ બધા પ્રાગતિકોમાં ઊભો કર્યો હતો. રશિયન સામ્યવાદનું અમારી પેઢીનું આકર્ષણ તો બીજા વિશ્વયુદ્ધની શરૂઆતમાં સ્ટેલિને નાઝી જર્મની જોડે મૈત્રી કરી, અર્ધું પોલેંડ પચાવી પાડ્યું ત્યારથી જ નષ્ટ થયું હતું, પણ મૂડીવાદ પૂરો નષ્ટ ન થાય ત્યાં સુધી કેવી રીતે ન્યાયી સમાજ રચાય તેની ગૂંચવણ હતી.

ડેન્માર્કના પ્રવાસે એ ગૂંચવણ દૂર કરી. મેં જોયું કે હારેલું જર્મની, હારેલું ઈંગ્લેંડ, ડેન્માર્ક, હોલેન્ડ, ફ્રાંસ ઝપાટાબંધ બેઠાં થતાં હતાં, તેનું કારણ તેણે કેઈન્સની દોરવણી નીચે મૂડીવાદ અને સમાજવાદની કલમ કરી એક નવો રોપ તૈયાર કર્યો હતો, તે હતું કલ્યાણ રાજ્ય. તેમાં નિરંકુશ હરીફાઈ નહોતી, તેમ જ તેમાં જડબેસલાક રાજ્યાશ્રિત સમાજવાદ પણ નહોતો. આંશિક આયોજન, આંશિક હરીફાઈને સ્થાન આપી, નાણાંકીય આયોજન દ્વારા કોઈ કામ વિનાનું ન રહે, કોઈ ભૂખ્યું - દુખ્યું ન રહે, કોઈ દવાદારૂ વિનાનું ન રહે કે કોઈ શિક્ષણ - આશ્રય વિનાનું ન રહે તેની ગોઠવણ કરી હતી. સ્વતંત્રતા ખરી છતાં વહેંચાયેલી સમૃદ્ધિ પણ ખરી. સ્વતંત્રતા અને સલામતીના સહઅસ્તિત્વનો સદીઓ જૂનો કોયડો ઉકેલાયો હતો.

- **''સદભિ: સંગ'' માંથી સાભાર.**

# સમાજ સાથે અનુબંધ એ જ શિક્ષણ

અમે શરૂ કરેલ પ્રયોગનું એક લક્ષણ એ હતું કે ગામનાં કે આજુબાજુ ઊભા થતા પ્રશ્નો અમારી પાસે આવે તો અમે તેનાથી ભાગતા નહિ. સામાન્ય રીતે શિક્ષણને પોતાના વર્ગો અને વિદ્યાર્થીઓ સાથે સંબંધ હોય છે. બહુ તો વાલીઓ સાથે, પણ માત્ર શિક્ષણ પૂરતો. આમ હોવાથી શિક્ષણ એક ટાપુ બની જાય છે. મોટાં શહેરોમા આ કદાચ અનિવાર્ય હશે, જોકે તે વિષે મને શંકા છે. પોતાની શેરી કે લત્તા સાથે શહેરી શાળાઓ પણ સંપર્ક રાખી શકે, પણ ગામડાંમાં નથી દૃષ્ટિ, નથી હકીકતો, નથી પારકી છઠ્ઠીના જાગનારા. રાંક લોકોની ભેર્યે ભાગ્યે જ કોઈક ઊભું રહે છે. કોઈ ઊભું રહેવા જાય તો તેને જ્ઞાન હોતું નથી, અને વગ હોવાનો તો સવાલ જ ક્યાં?

નાનાભાઈને લીધે અમારામાં જ્ઞાન હતું-અને પ્રતિષ્ઠા પણ હતી.

એક સંસ્થામાં કામ કરનારી બાઈ મોડી આવી. પૂછયું, 'બહેન, કેમ મોડાં થયાં?'

'ભાઈ, મારે... શેઠને ત્યાં છાશ-વાસીદું કરવા જવાનું હોય છે...'

'શુ મળે છે ત્યાં?'

'મળતું તો કાંઈ નથી. પણ અમે સાત આઠ વરસ પહેલા પચ્ચીસ રુપિયા લીધેલા. તેના વ્યાજ પેટે આ કામે જાઉ છું.'

હું તો થીજી જ ગયો. પચ્ચીસ રૂપિયાના વ્યાજ પેટે છ-સાત વર્ષથી આ બાઈ શેઠના ઘરનું કામ કરતી આવે છે!

તે જ વખતે પચ્ચીસ રૂપિયા આપીને કહ્યું, બહેન, આ રૂપિયા આપી આવ, અને કાલથી અહી વખતસર આવી જજે.'

બાઈ તો ગળગળી થઈ ગઈ. શેઠને રૂપિયા પચ્ચીસ લેવાની ઉતાવળ નહોતી. તે કહે, 'બહેન, શું ઉતાવળ છે? મેં ક્યાં માગ્યા છે?' રોકડા આપશે તેવી ધારણા પણ નહોતી, પણ સંસ્થાવાળાએ બધું જાણ્યું છે એ જોઈ ચૂપચાપ રૂપિયા લઈ લીધા. અને કહ્યું, 'આવી શું ઉતાવળ હતી, મેં તો માગ્યા ન હોતા.''

આવાં આવી પડેલાં કામો અમે કરતા; એટલું જ નહી એ વિષે વર્ગમાં કે રાત્રિ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓ જોડે ચર્ચા પણ કરતા.

એક વાર બાજુના ગામમાં કોઈક ખેડૂતે તેની જુવાન સ્રીને ખેતરમાં મારી નાખી, અને પોલીસને લાંચ આપી બધું સરખું કરાવી, લાશને અવ્વલ મંજિલ પહોંચાડી. દીકરીનાં મા-બાપ રોતાં રહ્યાં.

વર્ગમાં આ વિષે હું તીવ્રતાથી વાત કરતો હતો ત્યાં ઠાકરશી કરીને વિદ્યાર્થી કહે :

'મનુભાઈ, આમાં આટલા છળી શું કામ જાઓ છો?'

ઠાકરશી સહજતાથી કહે - 'પણ એણે એની વહુને મારી નાખી હતી કે બીજા કોઈની વહુને?'

'એની વહુ શું એનો પેટી-પટારો, થાળી-વાટકો હતી કે ગમે તેમ ભાંગી નખાય?'

ઠાકરશી એ જ ભોળપણથી કહે- 'પણ એ કાંઈ મફત નહોતો લાવ્યો. દેહ-દહેજ લઈને લાવ્યો તોને!'

મને થયું કે અમારે ઘણો લાંબો પંથ - કોસના કોસ ચાલવાનું હતું. વીરડો નહિ, કૂવો ઉલેચવાનું કામ હતું. ગામના લોકોને પણ આની પીડા કે રંજ નહોતો. પણ અમે તો કામ કર્યે રાખ્યું.

- **''સદભિ: સંગ'' માંથી સાભાર.**

## ગીર ગાયના મૂત્રમાંથી મળ્યું સોનું

જૂનાગઢસ્થિત ઍગ્રિકલ્ચર યુનિવર્સિટીએ ગીરની ગાયના મૂત્રમાંથી સોનું ખોળી કાઢ્યું છે.

ઍગ્રિકલ્ચર યુનિવર્સિટીની ફૂડ-ટેસ્ટિંગ લૅબોરેટરીમાં ગીરની ૪૦૦ ગાયના મૂત્ર પર રિસર્ચ કરવામાં આવ્યું હતું. એ રિસર્ચ દરમ્યાન ગાયના પ્રત્યેક એક લીટર મૂત્રમાં ત્રણથી દસ મિલીગ્રામ સોનું હોવાનું જાણવા મળ્યું હતું. ગાયના મૂત્રમાંથી આયર્ન (ગોલ્ડ સોલ્ટ) ના સ્વરૂપમાં આ કીમતી ધાતુ મળી હતી.

જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીના અને બાયોટેકનૉલૉજી વિભાગના વડા ડૉ. બી.એ. ગોલકિયાના વડપણ અંતર્ગતની રિસર્ચ ટીમે ગૌમૂત્રનાં સૅમ્પલ્સનું ગૅસ ક્રોમૅટોગ્રાફી-માસ સ્પેક્ટ્રોમેટ્રી પ્રોસેસ વડે પરીક્ષણ કર્યું હતું.

આ રિસર્ચ વિશે વાત કરતાં ડૉ. ગોલકિયાએ કહ્યું હતું કે 'ગૌમૂત્રમાં સોનું અને ચિકિત્સાકીય ગુણો હોય છે એ વાતનો ઉલ્લેખ અત્યાર સુધી શાસ્રોમાં હતો, પણ એને સાબિત કરવા માટે કોઈ વૈજ્ઞાનિક વિશ્લેષણ કરવામાં નહોતું આવ્યું. એટલે અમે એ દિશામાં કામ કરવાનું વિચાર્યું હતું. અમે ગીરની ૪૦૦ ગાયના મૂત્રનાં સૅમ્પલ લીધાં હતાં અને એ ગૌમૂત્રમાંથી અમને સોનાના અંશ મળ્યા હતા. ગૌમૂત્રમાંથી મળતા સોનાને કેમિકલ પ્રોસેસ મારફતે નક્કર સ્વરૂપ આપી શકાય છે. ગૌમૂત્રમાંથી એવાં ૫૧૦૦ કમ્પાઉન્ડ્ઝ મળ્યાં છે જેમાં અનેક બીમારી દૂર કરવાના ચિકિત્સાકીય ગુણ છે.'

રિસર્ચરોએ આ સંદર્ભે ઊંટ, ભૅંસ, ઘેટાં અને બકરીઓના મૂત્રનાં સૅમ્પલ્સનું પરીક્ષણ પણ કર્યું હતું. પરંતુ એમાંથી એવું કોઈ તત્ત્વ મળ્યું નહોતું. ડૉ. ગોલકિયાની રિસર્ચ-ટીમ હવે દેશની તમામ નસલની ગાયોના મૂત્રનું પરીક્ષણ કરશે.

## ખાંભા ગામના ખેડૂતોએ રાસાયણિક ખેતી છોડી ૧.૫ કરોડ રૂપિયા બચાવ્યા

જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના ખાંભા ગામે ઝેરી રસાયણોને તિલાંજલી આપીને કેમિકલ ફ્રી ઓર્ગેનિક ખેતી અપનાવી છે. આમ કરવાથી ગામના ખેડૂતો વર્ષે ૧.૫ કરોડ રૂપિયાની બચત કરે છે. દવાઓ તથા ખાતરોમાં થતો ખર્ચ ઘટવાથી લોકોના જીવન ધોરણમાં પણ સુધારો આવ્યો છે. ૨૫૦૦ લોકોની વસતી ધરાવતા આ ખાંભા ગામના ૩૦૦ કુટુંબો ગાયો પાળે છે.

ખેડૂત કલ્પેશભાઈ કોટડિયા કહે છે, ''ગામના ૮૦ ટકા ખેડૂતો શાકભાજી, મગફળી, તલ, પપૈયા, મરચાં અને તડબૂચ જેવા પાકોને રસાયણમુક્ત કર્યા છે. ગામના ખેડૂતો પાકમાં આવતા રોગ કે જીવાતને કાબુમાં લેવા ખાટી છાશ અને ગૌમૂત્રમાંથી તૈયાર કરેલી ઓર્ગેનિક દવા છાંટે છે. આ ઉપરાંત ખેડૂતો જમીનમાં નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશ જેવા મુખ્ય તત્ત્વો ઉમેરવા માટે ૧૦ કિલો ગાયનું છાણ, ૧૦ કિલો ગૌમૂત્ર, ૧ કિલો દેશી ગોળ તથા મગ, અડદ જેવા કઠોળમાં સજીવ માટી ઉમેરીને નાખે છે.''

ખાંભાના ખેડૂત જયંતીભાઈએ ૬ વિઘા જમીનમાં એક પણ રૂપિયાની દવા છાંટયા વગર મબલખ ઉત્પાદન મેળવ્યું છે. આવી જ રીતે ગામના મોટા ભાગના ખેડૂતોએ ૨૦૦૦ વિઘા જેટલી જમીનને એક વર્ષમાં ઝેરી દવાઓથી મુક્ત બનાવી છે. આ ઉપરાંત ખેતર માટે છણિયું ખાતર મળી રહે તે માટે દરેકના ઘરના આંગણામાં ગાય બાંધેલી જોવા મળે છે. આમ ગામ લોકો માટે ગાય માત્ર દૂધ ઉત્પાદન જ નહી, ખાતરનો પણ મોટો સોર્સ બની છે.

**- સાભાર : ગુજરાત સમાચાર, તા.૧૨.૪.૧૬**

## આઈ.સી.યુ.

મીનળબેનને ઑપરેશન થિએટરમાં લઈ ગયા અને બહાર લાવ્યા એ વચ્ચેનો બે કલાકનો સમય શોભનને બે યુગ જેવડો લાગ્યો. પીઠ ઉપર હાથ ફેરવીને સાંત્વના આપવાવાળું પણ કોઈ ન હતું. એ બે કલાક દરમિયાન શોભને લગભગ આખી જિંદગીનું ચિત્રપટ જોઈ નાખ્યું. નાની ઉંમરમાં પપ્પાનું મૃત્યુ, મમ્મીએ અપનાવી લીધેલો મમ્મી-પપ્પા બન્નેનો રોલ, અને એ લાંબા સંઘર્ષકાળ દરમિયાન કુટુંબથી થોડા દૂર ફંગોળાઈ જઈને એકબીજા સાથે સંપૂર્ણ સંકળાઈ ગયેલું મા-દીકરાનું નાનું, સુખી કુટુંબ.

શોભન ભણી-ગણીને નોકરીમાં સ્થિર થયો અને ઓચિંતી મીનળબેનને આ બીમારી આવી પડી. ફેમિલી ડૉક્ટર ઓઝાએ કહી દીધું કે, ''ઑપરેશન કરાવવું પડશે, પણ ગભરાવા જેવું કંઈ નથી. ઑપરેશન પછી ત્રણ-ચાર દિવસ વૉર્ડમાં રાખીને રજા આપી દેશે. એ દરમિયાન હું પણ એ મોટી હૉસ્પિટલમાં આવતો-જતો રહીશ.''

એટલે જ હજુ પૂરેપૂરા ભાનમાં ન આવેલા મીનળબેનને સીધા હૉસ્પિટલના સહુથી ઉપરના માળે આવેલા ઈન્ટેન્સીવ કેર યુનિટમાં લઈ ગયા ત્યારે શોભનને ઘણું જ આકરું લાગ્યું. સર્જને કહ્યું કે, ''બ્લડપ્રેશર થોડું ઊંચું છે. ઑપરેશન પછી ઘણાં દર્દીઓને આવું થતું હોય છે. ચોવીસ કલાકમાં તો બરાબર થઈ જશે.''

આ મોટી હૉસ્પિટલમાં શોભનને મીનળબેનની પાસે આઈ.સી.યુ.માં તો શું, એ માળ ઉપર પણ જવા નહોતું મળતું. પણ એ તો દિવસ-રાત હૉસ્પિટલમાં જ બેસી રહેતો હતો. એમ કરતાં કરતાં પાંચ દિવસ પસાર થઈ ગયા. ડૉક્ટરો એક જ જવાબ આપતા, ''બ્લડપ્રેશર નૉર્મલ નથી થતું અને એ બરાબર ન થાય ત્યાં સુધી ચોવીસ કલાક મોનીટર કરવા આઈ.સી.યુ. માં જ રાખવા પડે.'' ડૉ. ઓઝા મીનળબેન પાસે આઈ.સી.યુ. માં જાય ત્યારે ક્યારેક શોભન એમના મોબાઈલ મારફતે મમ્મી સાથે વાત કરી લેતો અને દર વખતે એમનું એક જ રટણ રહેતું કે મને આઈ.સી.યુ. માંથી બહાર કઢાવ.

ચિંતિત શોભન સતત વિચાર્યા કરતો, 'મમ્મીને બ્લડપ્રેશર તો ક્યારેય નહોતું રહેતું, અચાનક શું થયું ?'

છેવટે એક દિવસ એની ધીરજ ન રહી. મમ્મી કેટલી કાકલૂદી કરતી હતી! એટલે જ ડૉક્ટરની સલાહને અવગણીને, એ પોતાના જોખમે મમ્મીને ઘેર લઈ આવ્યો અને ડૉક્ટર ઓઝાને જણાવી દીધું. સાંજે એ આવ્યા અને બ્લડપ્રેશર માપ્યું - નૉર્મલ! બીજે દિવસે પણ સવારે, સાંજે નૉર્મલ! ડૉક્ટર અચંબામાં હતા. ''આવું કેવી રીતે બને ? હું પોતે આઈ.સી.યુ.માં એમનું બ્લડપ્રેશર જોતો હતો - ઘણું જ ઊંચું રહેતું હતું, ત્યાં તો સારામાં સારી સારવાર અપાતી હતી.''

મીનળબેને શોભનને પાસે બોલાવ્યો. એનો હાથ પોતના હાથમાં પકડ્યો અને હસતાં હસતાં બોલ્યા, ''બેટા, એમાં નવાઈ પામવા જેવું કંઈ નથી, ઘેર તો હું સાજી થઈ જ જાઉં ને, કારણ કે અહીંયા આઈ.સી.યુ.' (I see you) છે.

**- ગિરીમા ઘારેખાન, 'નવ ચેતન', જુલાઈ -૧૬માંથી સાભાર.**

# મહાજન ગૌશાળા
## ઘોઘા રોડ, ભાવનગર
## સંપર્ક : રત્નાભાઈ મો.નં.૯૮૨૫૮૩૯૬૫૮

૧. મને ચાર વરસ પહેલા પથરીનું દર્દ છે એમ ડો. નિર્મલે જાણ કરેલ. ૧ વરસ દવા લીધી પણ ફાયદો થયેલ નહીં. છેલ્લા ત્રણ વરસથી નિયમિત મહાજન ગૌશાળાનો અર્ક નિયમિત લઉં છું. અત્યારે મને કોઈ જાતની શારીરિક તકલીફ હવે નથી. મૂત્ર માર્ગના તમામ દર્દો માટે આ અર્ક ખૂબ ઉપયોગી છે, અને આની કોઈ આડ અસર પણ નથી એમ અનુભવે લાગ્યું છે. **ભોલારામ મણીરામ, ભાવનગર, મો.નં.૯૪૨૬૫૯૯૩૭૯.**

૨. મને આંતરડામાં સોજો અને ડાયાબીટીશનું દર્દ છે. અર્ક છેલ્લા પાંચ વરસથી નિયમિત વાપરું છું દર્દમાં ઘણી રાહત થઈ ગઈ છે. **રમેશ અમૃતલાલ ભટ્ટ, ઉ.વ.૬૭, મો.૯૮૨૪૫૨૮૯૮૨.**

૩. મને ગલોફામાં ચાંદી, કેન્સર હતું. પાંચ વરસ પહેલા મુનિબાપુ આશ્રમમાં ઓપરેશન કરાવેલું છેલ્લા ચાર વરસથી ગોમૂત્ર અર્ક લઉં છું. બીજી બધી દવા બંધ છે અને મને અર્કથી ઘણો ફાયદો રહે છે. **વાઘાણી શરદભાઈ ભીમજીભાઈ, ઉ.વ.૪૨, મો.૯૮૯૮૯૧૦૩૮૬**

૪. મને ચાર વરસથી ગોઠણમાં દુ:ખાવો રહેતો હતો. મેં કોઈ ડોક્ટરી દવા લીધેલ નથી પણ ગોઠણની કસરતો સાથે છ માસથી ગોમૂત્ર અર્ક લેવાનું ચાલુ કર્યું તો દુ:ખાવો મટી ગયો છે. **બાબુભાઈ સવસાણી, ઉ.વ. ૬૨, મો.૯૪૨૭૦૫૪૯૨૯**

૫. મને પગના તળીયામાં ચીરા પડ્યા હતા અર્ક લેવાથી ત્રણ મહિનામાં ૧૦૦% ફાયદો થયો છે અને હજુ લેવાનું ચાલુ રાખેલ છે. **લી. જ્યોત્સના સુમન પારેખ, ઉ.વ.૬૨, મો. ૯૪૨૬૬૨૬૭૫૭**

૬. મને ઘણા વરસોથી શરદી, સાંધા પકડાવા, એલરેજી વિ. દર્દ હતા ડોક્ટરને બતાવેલ નથી. પણ અર્ક પીવાથી અને માલીસ કરવાથી ખૂબ સારું રહે છે. **પર્વતભાઈ તળશીભાઈ, મો.નં.૯૭૨૭૦૦૨૫૭૭.**

**નોંધ:** આ બધા મહાજન ગૌશાળા અર્કના જ સફળ પરિણામોના કિસ્સા છે. અર્ક લેનારને ખાસ સુચના આપવામાં આવે છે કે અર્ક ને તુરંત કાચની બાટલીમાં ભરી લેવો. માલીસ માટે જુનો અર્ક ચાલે પણ પીવા માટેના અર્કની મુદત ૩૦ દિવસની જ છે. એટલે દર મહિને દર્દીએ તાજો અર્ક જ લઈ જવો જરૂરી છે. એટલે જેમણે પ્રયોગ કરવો હોય તેમણે ભાવનગર મહાજન ગૌશાળાનો અર્ક જ વાપરવો એમ અમારી નમ્ર ભલામણ છે.

**મુંબઈમાં ગોમૂત્ર અર્ક મેળવવા-સંપર્ક**
**રમેશભાઈ દોશી, મલાડ, ૯૪૨૭૬૬૩૪૭૩**

**Look at "MISTAKE" as Just a "MISTAKE" Not as 'MY' or 'THEIR' Mistake. Because 'MY' brings Guilt & 'THEIR' brings anger Only acceptance brings improvement.**
**खुशियां बटोरते बटोरते उम्र गुजर गई। बादमें पता चला खुश तो वो लोग थे जो खुशियां बांट रहे थे।** (WhatsApp)

# અમૂલ્ય તત્વ વિચાર

**બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,**
**તો યે અરે ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો;**
**સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,**
**ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો? ૧**
**લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો?**
**શું કુટુંબ કે પરિવારથી વધવા પણું, એ નય ગ્રહો;**
**વધવા પણુ સંસારનું નર દેહને હારી જવો,**
**એનો વિચાર નહી અહો હો! એક પળ તમને હવો!!!૨**
**નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,**
**એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે;**
**પરવસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મૂઝને રહી,**
**એ ત્યાગવા સિધ્ધાંત કે પશ્ચાત દુ:ખ તે સુખ નહીં. ૩**
**હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?**
**કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?**
**એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,**
**તો સર્વ આત્મિકજ્ઞાનનાં સિધ્ધાંત તત્વ અનુભવ્યા. ૪**
**તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું?**
**નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું;**
**રે આત્મ તારો! આત્મ તારો! શીઘ્ર એને ઓળખો,**
**સર્વાત્મમાં સમદ્રષ્ટિ દ્યો આ વચનને હદયે લખો.૫**
**- શ્રીમદ્ રાજચંદ્રજી**

# લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. આરતીબેન વોરા | - વરસોવા | ૫૦૦/- |
| ૨. લવજીભાઈ ચૌધરી | - ગઢા | ૨૦૦/- |
| ૩. રેણુકાબેન પારેખ | - રાજકોટ | ૧૦૦૦/- |
| ૪. ૨૭.૬.૧૬(નામ,ગામ નથી મળેલ) | - ? | ૧૦૦/- |
| ૫. ૧૧.૭.૧૬(નામ નથી મળેલ) | - સુરેન્દ્રનગર | ૧૦૦/- |
| ૬. ગાંધી આશ્રમ | -ઝીલીયા (પાટણ) | ૧૦૦૦/- |
| ૭. જીતેન્દ્ર સી. મહેતા | -ઘાટકોપર | ૨૦૦/- |

**નોંધ: આપનું લવાજમ રમેશ એસ. દોશી બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી. Bank Code : IFSC BKID 0000031.**
**IMP- બેંકમાં રકમ ભર્યા પછી જાણ કરવી ખાસ જરૂરી છે.**

# આ અંકમાં


| | | |
|---|---|---|
| રાજવાણી - દાસબોધ | | ૧ |
| શું આપણે સ્વતંત્રતાને લાયક છીએ? તંત્રી સ્થાનેથી | | ૨ |
| સત્સંકલ્પ-સત્કર્મ-સત્સંગથી સદગુરૂ મળે, | મોરારીબાપુ | ૨ |
| પ્રેમનો પીયાલો તમને પાઉ ને પીઉ-ભા.ઉજો. | | ૩-૪ |
| એક અનોખી ડ્રગ બેંક | ડો.નાનક ભટ્ટ | ૫ |
| 'સદભિ સંગ' પુસ્તકમાંથી પ્રસંગો. | મનુભાઈ પંચોળી-દર્શક | ૬-૭-૮-૯ |
| ભારતીય ગોવંશથી ઉરુગ્વેમાં સોનુ પાકે છે | કિશોર જૈન | ૮ |
| ગીર ગાયના મૂત્રમાંથી સોનુ મળ્યું. | | ૧૦ |
| આઈ.સી.યુ., | ગિરીમા ધારેખાન | ૧૧ |
| મહાજન ગૌશાળા, લવાજમ, અમૂલ્ય તત્વ વિચાર | શ્રીમદ્ રાજચંદ્ર | ૧૧ |
| ઓનલાઈન શોપિંગથી ઓફલાઈન સંબંધો | રણછોડ શાહ | ૧૨ |

R.N.I. No.MAHGUJ / 2002 / 9750

# ઓનલાઈન શોપિંગથી ઓફલાઈન સંબંધો

એક યુવાન ઘરના દીવાનખંડમાં ટેબલ ઉપર પગ લાંબા કરી પોતાના મોબાઈલ ઉપરથી મિત્ર સાથે ચેટિંગ કરી રહ્યો હતો. અચાનક તેના દાદા આવ્યા અને બોલ્યા, ''દીકરા, મારાં ચશ્માં જૂનાં થઈ ગયાં છે અને નવાં લેવાં છે તો તું મારી સાથે બજારમાં આવીશ ?''

યુવાન તેના કામમાં મસ્ત હોવાથી તેને દાદાની વાત ન ગમી. દાદાને કહ્યું, ''દાદાજી, હવે જમાનો બદલાઈ ગયો છે. તમે પણ તમારી જાતને બદલો. આધુનિક ટેક્નૉલોજીનો ઉપયોગ કરતા થાવ. ચશ્માં ખરીદવા માટે હવે દુકાન સુધી લાંબા થવાની સહેજ પણ જરૂર નથી. આવવા-જવાનો સમય બગાડવાની જરૂર નથી.'' વૃદ્ધને પૌત્રની વાત ન સમજાઈ. તેમણે પૂછ્યું, ''શું વાત છે બેટા ? દુકાને ગયા વિના પણ ચશ્માંની ખરીદી થઈ શકે ખરી ?''

યુવાને જરા રુઆબ સાથે કહ્યું, ''દાદા, હું તમને સમજાવું. આ મોબાઈલની મદદથી તમે તમામ વસ્તુઓ ઘેર બેઠા બેઠા જ ખરીદી શકો તેમ છો. જુદી જુદી ઑનલાઈન સેવા પૂરી પાડતા ડિપાર્ટમેન્ટલ સ્ટોર પરથી તમે માત્ર ચશ્માં જ નહીં પરંતુ કરિયાણું, કપડાં, બૂટ જેવી તમામ વસ્તુઓ ખરીદી શકો છો. હવે તમે તમારી જુનવાણી પદ્ધતિને પડતી મૂકો અને આ આધુનિક પદ્ધતિ અપનાવો એટલે તમારી જરૂરિયાતની વસ્તુઓ તમને ઘેર બેઠા જ મળી જશે !''

દાદાએ યુવાન પૌત્રની વાત ધ્યાનથી સાંભળી પછી હળવેકથી કહ્યું, ''બેટા, તારી વાત તદ્દન સાચી છે. આ ઑનલાઈન ખરીદી કરવાથી આપણો સમય ચોક્કસ જ બચે છે. થોડુંક ડિસ્કાઉન્ટ મળે એટલે પૈસાની પણ બચત તો થાય જ. પરંતુ સમય અને પૈસાની બચત કરવા જતા જેના વિના જીવવું મુશ્કેલ છે તેવા માનવીય સંબંધો છૂટી જાય છે તેનું શું ?''

યુવકે દાદાને પૂછ્યું, ''તમે શું કહેવા માંગો છો તેની મને કાંઈ ખબર પડતી નથી.'' દાદાએ પૌત્રના ખભા ઉપર હાથ મૂકી કહ્યું, ''બેટા, હમણાં થોડા દિવસ પહેલાં હું બીમાર પડ્યો હતો. રોજ શાકભાજી લેવા હું જતો પણ બીમાર પડ્યો તેથી તારા પપ્પા તે દિવસે ગયા. શાકભાજીવાળાને મારી બીમારીની જાણ થતાં તે સાંજે દુકાન બંધ કરી મારી તબિયતની ખબર કાઢવા ઘેર આવેલો. મારી પથારી પાસે બેસી મને સાંત્વના પણ આપેલી. થોડાંક વર્ષો પહેલાં થોડા સમય માટે આપણે આર્થિક તંગીનો ભોગ બન્યા ત્યારે કરિયાણાવાળાએ આખા વર્ષનું કરિયાણું ઉધાર આપેલું તથા 'પૈસા આપવાની કોઈ ચિંતા કરતા નહી' તેમ પણ જણાવેલું. જ્યારે નાનો હતો ત્યારે હું તને સાથે લઈને કરિયાણાવાળાની દુકાને ખરીદી કરવા જતો. એ ઓછું ભણેલો કરિયાણાવાળો હસતાં હસતાં હંમેશાં તને ચૉકલેટ આપતો અને ક્યારેય બિલમાં તે રકમ ઉમેરતો નહોતો.''

દાદાએ આગળ ચલાવ્યું, ''બેટા, કાપડવાળા કાકાને ત્યાં ખરીદી કરવા જઈએ ત્યારે એકાદ-બે પરિચિત મિત્રો પણ મળી જતા. તેમની સાથે ગપ્પાં મારવાની તક મળી જતી. મનમાં ધરબાઈને રહેલી ગમગીનીની વાતો પણ ત્યાં સહજતાથી કહેવાઈ જતાં હૈયું હળવું ફૂલ થઈ જતું. હવે તું મને જણાવ, તારી ઑનલાઈન ખરીદીમાં આવી સુવિધા મળશે ખરી ?''

યુવાન કોઈ પ્રત્યુત્તર ન પાઠવી શક્યો. તેના માનસપટ ઉપર તેના બાળપણના દિવસોની યાદો ઊભરી આવી. એણે દાદાજીને કહ્યું, ''ચાલો, દાદાજી ! હું તમારી સાથે આવું છું. આપણે ચશ્માંવાળા ભાઈની દુકાને ચા પી આવીએ અને તમારાં ચશ્માં પણ લેતા આવીએ. રસ્તામાં તમારા એકાદ-બે ભાઈબંધો મળી જશે તો તેમને પણ મળી આવીશું.''

થોડાક થોભીને વિચાર કરવાનો સમય છે. સમય અને પૈસા બચાવવાની લ્હાયમાં આપણે માણસ મટીને મશીન તો નથી બની ગયા ને ? જો સજીવ માણસ નિર્જીવ મશીન બની જશે તો ગમે તેટલા પૈસા કે સમય બચાવ્યો હશે તે શું કામમાં આવશે ? માનવીય સંબંધો વગરની જિંદગી એકલવાયી બની જશે. એકાંત કદાચ સારું હોઈ શકે પરંતુ એકલતાની પીડા તો આત્માને કોરી ખાઈ નિરાશાની ગર્તામાં ધકેલી દેશે. માનવ સંબંધોનો નાશ કરે તે હદે ટેક્નૉલોજીનો ઉપયોગ યોગ્ય નથી. **અર્ક :** જીવનમાં કશુંક મોટું મળે, ત્યારે નાનાને છોડી દો, પણ સોયની જરૂર પડે, ત્યારે તલવાર કામ નથી આવતી.

**- રણછોડ શાહ, 'નવચેતન', જુલાઈ ૨૦૧૬ માંથી સાંભાર.**

**Post Registration No. MNW/277/2015-17**
"Licence to Post Without Pre Payment"
WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2016
RNI No. MAHGUJ/2002/9750
Posted at Liberty Garden, P.O.
on 5th or 6th of every month.



**ગોરક્ષા પાત્ર**
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**રમેશ એસ. દોશી (નિમિત માત્ર)**
**બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ.**
**નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ),**
**મુંબઈ- ૬૪. મો.નં. : ૭૫૦૬૭૫૦૨૫૧, ૯૪૨૭૬૬૩૪૭૩**
Email: doshir65@gmail.com **થી પ્રકાશિત કર્યું.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ, અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**

To,